RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 16-07-2026 | VOL : 12 | Issue : 121 | Page : 8 | Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

સુવિચાર

તમે એકલા રહેવાથી
એટલા દુઃખ નહીં થાવ
સાહેબ જેટલા
એક ખોટા માણસ સાથે
રહેવાથી થશો
”

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

ડભોઇના મંડાળા રોડ પર ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય: વહીવટી તંત્રની ઘોર

4

અષાઢી બીજ એટલે જગન્નાથપુરીમાં રથયાત્રાનો ભવ્ય ઉત્સવ.

6

'ભૂલભુલૈયા 4'ની સ્ટોરીને લઈને મેકર્સે શરૂ કરી દીધી તૈયારીઓ

7

સ્પેન 16 વર્ષ પછી ફૂટબોલ વર્લ્ડકપ ફાઇનલમાં: ફ્રાન્સને...

## નવા રંગ, નવો ઉમંગ: વાચકોના અદભુત વિશ્વાસ અને પત્રકારત્વની નવી ક્ષિતિજ તરફ પ્રયાણ

# અષાઢ વદ બીજના મંગલ પ્રારંભે 'પાક્કો ગુજરાત' હવે સંપૂર્ણ રંગીન (મલ્ટી-કલર) સ્વરૂપે આપના આંગણે

## કાગળ અને શાહીના રંગો બદલાયા છે, પણ જનતાનો અવાજ બનવાનો અમારો મૂળભૂત રંગ ક્યારેય નહીં બદલાય

આજની સવાર 'પાક્કો ગુજરાત' ના લાખેણા વાચકો, સ્નેહીઓ, વિતરક મિત્રો અને જાહેરાતકર્તાઓ માટે માત્ર એક નવો દિવસ નથી, પરંતુ આપણા સહિયારા સફરનો એક ઐતિહાસિક અને રંગીન વળાંક છે. અષાઢ વદ બીજના આ પવિત્ર અને મંગલમય દિવસે, આપ સૌનું લોકપ્રિય અને હરહંમેશ લોકહિતની ચિંતા કરતું અખબાર 'પાક્કો ગુજરાત' બ્લેક એન્ડ વ્હાઈટના પરંપરાગત માધ્યમમાંથી બહાર આવીને, સંપૂર્ણ રંગીન (મલ્ટી-કલર) સ્વરૂપે આપની સમક્ષ પ્રસ્તુત થતાં અમે અત્યંત હર્ષ, ગૌરવ અને વિનમ્રતાની લાગણી અનુભવીએ છીએ.

સમય અને પરિવર્તન એ સંસારનો શાશ્વત નિયમ છે. પ્રગતિ ત્યારે જ સંભવ બને છે જ્યારે આપણે સમયની માંગને ઓળખીને આપણી જાતને વધુ શ્રેષ્ઠ બનાવવા માટે સજ્જ કરીએ.

### સમય સાથે બદલાવ: શા માટે આ નવતર સાહસ?


આજે ૨૧મી સદીના આ અત્યાધુનિક અને ડિજિટલ યુગમાં જ્યારે માહિતી સેકન્ડોમાં આંગળીના ટેરવે ઉપલબ્ધ છે, ત્યારે પ્રિન્ટ મીડિયા એટલે કે અખબાર જગત સામે પણ ગુણવત્તા અને પ્રસ્તુતિનું સ્તર ઊંચું લઈ જવાનો મોટો પડકાર છે.

જીવંત પ્રસ્તુતિ: વાચકોને માત્ર અક્ષરોના રૂપે સમાચારો જ ન મળે, પરંતુ તે સમાચારોની પાછળનું સત્ય, તેની ગંભીરતા અને ઘટનાસ્થળની જીવંતતા તસવીરોના અસલી રંગો સાથે જોવા અને અનુભવવા મળે તે હેતુથી અમે આ નવું સાહસ ખેડ્યું છે.

નવું કલેવર, એ જ મક્કમ કલમ: અમે અહીં એ સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે 'પાક્કો ગુજરાત' નું આ નવું રંગીન કલેવર માત્ર બાહ્ય સુંદરતા કે આકર્ષણ પૂરતું સીમિત નથી. આ રંગો અમારી વૈચારિક સમૃદ્ધિ, સચોટતા અને નિર્ભીક પત્રકારત્વ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ વ્યાપક અને મજબૂત બનાવવાનું પ્રતીક છે.

### તંત્રીની કલમેથી

'કાગળ અને શાહીના રંગો ચોક્કસ બદલાયા છે, પરંતુ અમારો મૂળભૂત રંગ - જે પ્રજાનો અવાજ બનવાનો, વહીવટી તંત્રને




ભીંસમાં લઈ સવાલો પૂછવાનો અને જનતા સમક્ષ માત્ર ને માત્ર નગ્ન સત્ય લાવવાનો છે - તે ક્યારેય નહીં બદલાય. લોકશાહીના ચોથા સ્તંભ તરીકેની અમારી જવાબદારી આ નવા રંગો સાથે વધુ તીવ્ર, પ્રભાવશાળી અને જવાબદાર બનશે તેની અમે ખાતરી આપીએ છીએ.'

### આપનો સ્નેહ અને અમારો પક્ષપાત વગરનો અભિગમ

અત્યાર સુધી આપ સૌ વાચકમિત્રોએ 'પાક્કો ગુજરાત' ના નિષ્પક્ષ અને તટસ્થ અભિગમને જે બહોળો પ્રતિસાદ અને વહાલ આપ્યું છે, તે જ અમારી સાચી મૂડી અને પ્રેરણા છે. સ્થાનિક શાસનની ખામીઓ હોય, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હોય, ભ્રષ્ટાચાર સામેનો મોરચો હોય કે પછી પ્રજાની સુખાકારીના પાયાના પ્રશ્નો હોય, અમે હંમેશા કોઈ પણ પૂર્વગ્રહ વિના વહીવટી પારદર્શિતા માટે કલમ ચલાવી છે. ભવિષ્યમાં પણ અમારી આ નીતિ વધુ સચોટ વિશ્લેષણ અને ઊંડાણપૂર્વકના તીખા અહેવાલો સાથે અકબંધ રહેશે.

### પડદા પાછળના અસલી હીરોઝ અને વિતરક મિત્રોનો આભાર

અખબારના આ નવા પ્રકરણ અને ભવ્ય શુભારંભની ઘડીએ, અમે અમારા એ તમામ કર્મયોગીઓ, સ્ટાફ મિત્રો, રિપોર્ટર્સ, ડિઝાઈનર્સ અને પ્રિન્ટિંગ ટીમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ જેમણે રાત-દિવસ એક કરીને આ સ્વપ્નને સાકાર કર્યું છે.

આ સાથે જ, ધોમધખતા તાપ, ભારે વરસાદ કે કકડતી ઠંડીની પરવા કર્યા વિના, રોજ વહેલી સવારે આપણા ઘરના આંગણે અખબાર પહોંચાડતા જાંબાઝ હોકર્સ (વિતરક) મિત્રોના અથાણ સહયોગ વિના આ સફળતા તદ્દન અધૂરી છે.

### નવા સ્વરૂપ સાથે સવારની ચાનો સ્વાદ થશે બમણો

વાચકોનો અવિરત પ્રેમ, સૂચનો અને તીખી ટીકાઓ જ અમને સતત સુધારો કરવાની ઊર્જા આપે છે. અમને પૂરો વિશ્વાસ છે કે 'પાક્કો ગુજરાત' નું આ નવું, આધુનિક, આકર્ષક અને રંગીન સ્વરૂપ આપના સવારના ચાના કપના સ્વાદને વધુ બમણો કરશે. આપનો આ અણમોલ સ્નેહ અને સાથ ભવિષ્યમાં પણ આમ જ અવિરત મળતો રહેશે તેવી હાર્દિક અભિલાષા સાથે...

આપનો નમ્ર,

**- તંત્રી, પાક્કો ગુજરાત**

## એક નજર...

### અભિનેત્રી વિદ્યા માલવાડેએ કેમેરા સામે સાડીમાં આપ્યા કિલર પોઝ



ઘણીવાર સોશિયલ મીડિયા પર પોતાની ફિટનેસ રૂટિન શેર કરે છે. આ ઉપરાંત અભિનેત્રી પોતાના લુકને કારણે પણ ચર્ચામાં રહે છે.હાલમાં અભિનેત્રીએ કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં તે સાડીમાં જોવા મળી રહી છે.ફેન્સને અભિનેત્રીનો ખુબ પસંદ આવી રહ્યો છે. ફેન્સ તેમની આ તસવીરો પર મનભરીને કોમેન્ટ કરી રહ્યા છે.

## NEWS TRACK

### 'PoK આઝાદ નથી, કબજો કરાયેલો છે', પાકિસ્તાનથી અલગ થવા તૈયાર કાશ્મીર

પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીર (PoK)માં બળવાખોરોની ભારે આગ ભડકી ઉઠી છે, જેણે શહબાઝ સરકાર અને પાકિસ્તાની સેનાના 'આઝાદ કાશ્મીર' વાળા પ્રોપેગેન્ડાના લીરેલીરા ઉડાવી દીધા છે. રાવલકોટમાં આયોજિત એક વિશાળ રેલીમાં જેએએસી (JAAC)ના નેતા સરદાર અમન ખાને ખુલ્લેઆમ ગર્જના કરતા કહ્યું કે, 'આ કોઈ આઝાદ કે વિવાદિત વિસ્તાર નથી, પરંતુ પાકિસ્તાન દ્વારા કબજે કરવામાં આવેલી ગુલામ જમીન છે.' પ્રદર્શનકારીઓ પર સુરક્ષાદળો દ્વારા કરવામાં આવેલા અંધાધૂંધ ગોળીબારમાં એક સ્થાનિક ક્રિકેટર સહિત 6 નિર્દોષ લોકોના મોત થયા બાદ હવે સ્થિતિ બેકાબૂ બની ગઈ છે. 'PoK કબજે કરેલી જમીન છે': પાકિસ્તાન પર ભભૂક્યો લોકોનો આક્રોશ પાકિસ્તાન વર્ષોથી સમગ્ર વિશ્વ સમક્ષ એવો ઢોંગ કરતું આવ્યું છે કે, કાશ્મીરનો જે ભાગ તેની પાસે છે, તે સંપૂર્ણપણે આઝાદ છે. પરંતુ હવે ત્યાંના સ્થાનિક લોકોએ જ આ જૂઠાણાનો પર્દાફાશ કરી દીધો છે. પીઓકેના રાવલકોટ શહેરના ઈદગાહ મેદાનમાં હજારો લોકોની એક વિશાળ રેલી યોજાઈ હતી.

### અમેરિકાએ 7 કલાક સુધી ઈરાન પર બોમ્બ વરસાવ્યા:લશ્કરી ઠેકાણાઓને ટાર્ગેટ કર્યા;

અમેરિકાએ રાત્રે સતત ચોથા દિવસે ઈરાન પર હુમલા કર્યા. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) અનુસાર, લગભગ સાત કલાક સુધી ચાલેલા ઓપરેશનમાં હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ ઈરાનના મિસાઈલ અને ડ્રોન ઠેકાણાં, નૌકાદળના સંસાધનો અને કોસ્ટલ ડિફેન્સ સિસ્ટમને નિશાન બનાવવામાં આવ્યા. બીજી તરફ, ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ દાવો કર્યો કે તેણે વળતો હુમલો શરૂ કરીને બહેરીન, કુવૈત અને જોર્ડનમાં અમેરિકી સૈન્ય ઠેકાણાં પર હુમલા કર્યા છે. IRGC એ બહેરીનના અમેરિકી ફિફ્થ ફ્લીટ બેઝ અને જોર્ડનના અઝરાક એરબેઝને નિશાન બનાવવાનો પણ દાવો કર્યો. આ દરમિયાન, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપતા કહ્યું કે જો તેહરાન સમજૂતી માટે આગળ નહીં આવે, તો આવતા અઠવાડિયે પાવર પ્લાન્ટ્સ અને પુલોને પણ નિશાન બનાવવામાં આવશે. બીજી તરફ, ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે અમેરિકી દબાણ સામે ઝૂકશે નહીં અને હોર્મુઝ સ્ટ્રેટ પર તેની રણનીતિ ચાલુ રાખશે.

## ગુપ્ત જાણકારીઓ ડાર્ક વેબ પર લીક

# ભારતના સૌથી મોટા ન્યૂક્લિયર પ્લાન્ટ પર મોટું સાયબર સંકટ

ચેન્નાઈ

એક રેન્સમવેર ગ્રૂપે ડાર્ક વેબ પર ચોરી કરાયેલા ડેટાનો એક મોટો જથ્થો જાહેર કર્યો છે, અને દાવો કર્યો છે કે, તેમાં ભારતના સૌથી મોટા પરમાણુ પાવર પ્લાન્ટ 'કુડનકુલમ'ના કેટલાક ભાગોની બ્લૂપ્રિન્ટ્સ(નકશા) સામેલ છે. હેકર્સના જણાવ્યા અનુસાર, આ ડેટા પ્લાન્ટના કોન્ટ્રાક્ટર અનિલ અંબાણીની રિલાયન્સ ગ્રૂપ પાસેથી મેળવવામાં આવ્યો છે. 'વર્લ્ડ લીક્સ'(World Leaks) નામના રેન્સમવેર ગ્રૂપે ડાર્ક વેબ પર ભારતના આ સૌથી મોટા ન્યૂક્લિયર પ્લાન્ટ સંબંધિત ફાઈલોનો મોટો જથ્થો પોસ્ટ કર્યો છે. જેમાં પ્લાન્ટની સુવિધાઓની કથિત બ્લૂપ્રિન્ટ્સ અને સપ્લાયર્સની વિગતો સામેલ છે. આ માહિતી અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રૂપમાંથી આવી હોવાનું લેબલ લગાવવામાં આવ્યું છે. તમિલનાડુમાં આવેલો કુડનકુલમ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ, ભારતના 7 પરમાણુ પ્લાન્ટ્સમાં સૌથી મોટો છે, અને દેશની પરમાણુ ઊર્જા ક્ષમતાના વિસ્તરણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્ત્વાકાંક્ષી યોજનાઓનું મુખ્ય કેન્દ્ર છે. પ્લાન્ટના કોન્ટ્રાક્ટરોમાંના એક અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રૂપે રોઈટર્સને આપેલા નિવેદનમાં જણાવ્યું છે કે, થર્ડ-પાર્ટી ભારતીય ડેટા સેન્ટર સર્વિસ પ્રોવાઈડર 'યોટ્ટા'(Yotta) દ્વારા હોસ્ટ કરાયેલા સર્વર પર તેના ડેટામાં 'આંશિક ભંગ'(Partial Breach) થયો હતો, અને આ ઘટના અંગે સરકારને જાણ કરવામાં આવી છે. જો કે, રિલાયન્સે કયો ડેટા લીક થયો છે, તે જાહેર કર્યું નથી. સરકારોને પરમાણુ સુરક્ષા અંગે સલાહ આપતી સંસ્થા 'ન્યૂક્લિયર થ્રેટ ઈનિશિયેટિવ'ના સીનિયર ડિરેક્ટર નિકોલસ રોથે જણાવ્યું હતું કે, આ ડેટા લીક પ્લાન્ટની સુરક્ષા માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. આ બ્રીચ એ પણ દર્શાવે છે કે, ભારતમાં હેકિંગની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે.

## PMની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે 7 મોટા નિર્ણયો



પીએમ મોદીની અધ્યક્ષતામાં બુધવારે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજી ક્ષેત્રે કાયાપલટ કરનારા 7 મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં સેમિકોન 2.0 મિશનને લીલી ઝંડી આપવાની સાથે વારાણસી (કાશી)માં બે ભવ્ય એલિવેટેડ કોરિડોર બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકાર પરિષદમાં આ નિર્ણયોની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, દેશમાં નેક્સ્ટ લેવલના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે આ બે મોટી મંજૂરીઓ ખૂબ જ મહત્ત્વની સાબિત થશે.

### મમતા બેનર્જીને વધુ એક ઝટકો, જૂના વિશ્વાસુ સાથીદાર મદન મિત્રા પણ બળવાખોર જૂથમાં જોડાયા

કોલકાતા

તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના વરિષ્ઠ નેતા અને પશ્ચિમ બંગાળના પૂર્વ મંત્રી મદન મિત્રા વિરોધ પક્ષના નેતા ઋતબ્રત બેનર્જીની આગેવાની હેઠળના બળવાખોર જૂથમાં સામેલ થઈ ગયા છે. આ પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી માટે એક મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે, કારણ કે મદન મિત્રા તેમના ખૂબ જ જૂના અને વિશ્વાસુ સહયોગી રહ્યા છે. પક્ષમાં અસંતોષ અને મદન મિત્રાનું કદ મદન મિત્રા તૃણમૂલ કોંગ્રેસના સૌથી જૂના અને અનુભવી નેતાઓમાંથી એક છે. તેઓ અગાઉ સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે, અને પાર્ટી સંગઠન પર તેમની મજબૂત પકડ માનવામાં આવે છે. આવા વરિષ્ઠ નેતાનું બાગી જૂથમાં જવું ટીએમસીની આંતરિક રાજનીતિ પર સીધી અસર કરશે. પાર્ટીમાં લાંબા સમયથી ચાલી રહેલા આંતરિક અસંતોષની ચર્ચાઓને આ ઘટનાક્રમે વધુ વેગ આપ્યો છે.

# જેને E20 પેટ્રોલ નથી જોઈતું તે વધુ પૈસા આપી 100% પેટ્રોલ ખરીદે: ગડકરી

નવી દિલ્હી

દેશમાં પેટ્રોલમાં 20% ઈથેનોલના મિશ્રણ એટલે કે E20 ફ્યુઅલને લઈને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી વિવિધ ચર્ચાઓ અને આશંકાઓ વચ્ચે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે જે ગ્રાહકોને ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ ન જોઈતું હોય, તેઓ પેટ્રોલ પંપ પર જઈને 100% શુદ્ધ પેટ્રોલ ખરીદી શકે છે, પરંતુ તેના માટે તેમણે સામાન્ય કરતાં વધુ કિંમત ચૂકવવી પડશે. આ સાથે જ ઈંધણની ગુણવત્તા અંગે ગ્રાહકોનો ભરોસો જાળવી રાખવા માટે સરકારી તેલ કંપનીઓએ પણ દેશભરમાં તપાસ અભિયાન તેજ કર્યું છે. દેશના દરેક ફ્યુઅલ સ્ટેશન પર E20 ઉપલબ્ધ જ્યારે કેન્દ્રીય મંત્રીને પૂછવામાં આવ્યું કે, શું પેટ્રોલ પંપો પર E10 (10% ઈથેનોલ) ઈંધણનો વિકલ્પ આપવાની કોઈ શક્યતા




છે? ત્યારે તેમણે જવાબ આપ્યો કે, જ્યારે દેશે 20% ઈથેનોલ બ્લેન્ડિંગનો લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો છે અને E20 ઈંધણ દેશના દરેક ફ્યુઅલ સ્ટેશન પર ઉપલબ્ધ છે, તો તે કેવી રીતે શક્ય બને? ગડકરીએ અગાઉ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈથેનોલ મિશ્રિત ઈંધણના કારણે વાહનો ખરાબ થવાની કોઈ સમસ્યા સામે આવી નથી. બીજી તરફ, પ્રતિષ્ઠિત સંસ્થા IIT કાનપુરના સંશોધકોએ પણ E20 ઈંધણ અંગે ચાલી રહેલી અફવાઓ પર પૂર્ણવિરામ મૂક્યું છે. IIT કાનપુરના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગની 'એન્જિન રિસર્ચ લેબોરેટરી' ના પ્રોજેક્ટ સાયન્ટિસ્ટ ધ્રુવ રાજ કરણાએ જણાવ્યું હતું કે, એક મોટા પાયે કરવામાં આવેલા વૈજ્ઞાનિક અભ્યાસમાં સામે આવ્યું છે કે E20 ફ્યુઅલથી વાહનના એન્જિનને કોઈ નુકસાન થતું નથી, તેમાં કાટ લાગતો નથી.

### સોનમ વાંગચુકની ભૂખ હડતાળ મામલે દિલ્હી હાઈકોર્ટે કહ્યું - મામલો અર્જન્ટ છે, સરકાર જવાબ આપે

નવી દિલ્હી

સોનમ વાંગચુકનું અનશન ખતમ કરાવવા માટે દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજી પર દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારને નોટિસ જાહેર કરી છે. 18 દિવસથી અનશન કરી રહેલા વાંગચુકના કેસને 'અર્જન્ટ' ગણાવતા હાઈકોર્ટના ચીફ જસ્ટિસની બેન્ચે કેન્દ્ર અને દિલ્હી સરકારને આવતીકાલે (ગુરુવાર) સવાર સુધીમાં જવાબ દાખલ કરવા માટે કહ્યું છે. વાંગચુકને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવા અરજદારની માંગ અરજીકર્તા વકીલે કહ્યું, 'ખૂબ જ કમનસીબ પરિસ્થિતિ છે. સામાજિક કાર્યકર્તા જે પોતાના મૌલિક અધિકારનો ઉપયોગ કરીને પ્રદર્શન કરી રહ્યા છે અને એક રીતે સમગ્ર દેશની સામે પોતાનો જીવ આપી રહ્યા છે.' સૈનીએ અદાલતને કેન્દ્ર અને રાજ્ય સરકારને એવો નિર્દેશ આપવા માટે કહ્યું કે વાંગચુકને તાત્કાલિક હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવે અને તેમને જરૂરી સારવાર પૂરી પાડવામાં આવે તથા અનશન ખતમ કરાવવામાં આવે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## રખિયાલથી સામેત્રી ચોકડી સુધીના રસ્તાની હાલત બિસમાર...એક વર્ષથી માત્ર નવીનીકરણના વાયદા પણ કામ શરૂ ન થયું

ગાંધીનગર

ગાંધીનગરના દહેગામમાં રખિયાલથી સામેત્રી ચોકડીનો રસ્તો તૂટી ગયો છે. એક વર્ષથી રસ્તો બનવાની વાતો થાય છે પણ કામ શરૂ થયું નથી. ચોમાસામાં ખાડા અને કાંકરાને લીધે અકસ્માત થાય છે. ગ્રામજનો તંત્ર પાસે તુરંત રસ્તો બનાવવાની માંગ કરી રહ્યા છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા રખિયાલ ગામથી સામેત્રી ચોકડી સુધીનો રસ્તો તૂટી ગયો છે. આ માર્ગ પરથી ડામર નીકળી ગયો છે અને પથ્થરો બહાર આવી ગયા છે. ચોમાસામાં અહીંથી પસાર થવું જોખમી બન્યું છે. દ્વિચક્રી વાહનચાલકો અહીં પડી જાય છે.

વર્ષથી આ રસ્તો નવો બનવાની ચર્ચા છે. મંજૂરીની વાતો થઈ પણ કામ શરૂ ન થયું. રખિયાલ અને સામેત્રીના લોકો નોકરી, શિક્ષણ અને ખેતી માટે આ માર્ગ વાપરે છે. ખેડૂતો, વિદ્યાર્થીઓ અને નોકરીયાતોને ખાડા તેમજ કાંકરા નડે છે. વરસાદનું પાણી ભરાતા ખાડા દેખાતા નથી, જેથી વાહનો સ્લીપ થાય છે.

આ રસ્તે બસ, દૂધના વાહનો અને ટેમ્પા ચાલે છે. વાહનો બગડવાથી અને બ્રેક મારવાથી સમય બગડે છે.

## વડોદરામાં રહસ્યમય મોત: માંજલપુરના યુવાનનો ફ્લેટમાંથી મળ્યો મૃતદેહ, મિત્રો સાથે ઇકો વાનમાં ગયા બાદ બની ઘટના

વડોદરા

શહેરના માંજલપુર વિસ્તારના એક યુવાનનું શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજતાં ચકચાર મચી ગઈ છે. યુવાનનો મૃતદેહ મળી આવતાં જ વરણામા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આ મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ આખો મામલો ભારે રહસ્યમય લાગી રહ્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક યુવાન માંજલપુર આકાશવાણી પાછળ આવેલી ચિત્રકૂટ સોસાયટીનો રહેવાસી હતો. તેની ઓળખ ૨૨ વર્ષીય આકાશ રવિભાઈ પાટીલ તરીકે થઈ છે. આકાશ એક ખાનગી કંપનીમાં નોકરી કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો.

ઘટનાની વિગતો મુજબ, આકાશ પોતાની બાઈક માંજલપુર ઈવા મોલ પાસે પાર્ક કરીને તેના મિત્રો સાથે એક ઈકો વાનમાં નીકળ્યો હતો. ત્યારબાદ આકાશને તેના મિત્રો કોઈ ફ્લેટ પર મૂકીને જતા રહ્યા હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે.

મિત્રો મૂકીને ગયા બાદ એવું તે શું બન્યું કે આકાશનું મોત નીપજ્યું? તે મનપા અને પોલીસ તંત્ર માટે મોટો સવાલ બન્યો છે. આ હૃદયદ્રાવક ઘટનાની જાણ થતાં જ આકાશના પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. પોલીસ દ્વારા તાત્કાલિક પરિવારને બોલાવી કેલનપુર પોલીસ ચોકી ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

હાલ પૂરતું યુવાનના મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. ઘટનાની ગંભીરતાને જોતાં વરણામા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આકાશના મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) માટે હોસ્પિટલ ખસેડ્યો છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું અસલી કારણ સ્પષ્ટ થશે.

## જય વસાવડાની કલમે ટ્રેન્ડસેટર કાન્તિ ભટ્ટને અંજલિ : "ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ કાન્તિભાઇ વિના અધૂરો અને ફિક્કો"

અમદાવાદ

ગુજરાતી પત્રકારત્વ જગતમાં જેમણે પોતાની આગવી શૈલીથી એક આખો સુવર્ણ યુગ કંડાર્યો, એવા મહારથી અને ખરા અર્થમાં ટ્રેન્ડસેટર પત્રકાર સ્વ. કાન્તિ ભટ્ટની આજે જન્મજયંતિ છે. આ ખાસ અવસરે ગુજરાતના જાણીતા લેખક અને ચિંતક જય વસાવડાએ કાન્તિ ભટ્ટ સાથેની પોતાની અમૂલ્ય યાદોને વાગોળીને એક અત્યંત ભાવુક અને પ્રેરણાદાયી અંજલિ અર્પી છે. જય વસાવડાના મતે, ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ કાન્તિ ભટ્ટના ઉલ્લેખ વિના માત્ર અધૂરો જ નહીં, પરંતુ સાવ ફિક્કો ગણાય. કલમમાં કવિતા અને માહિતીનો સંગમ: પોતાના ઘડતરમાં કાન્તિ ભટ્ટની કલમના પ્રભાવનો સ્વીકાર કરતા જય વસાવડાએ જણાવ્યું કે, પોતાના લેખોમાં કવિતાનો આસ્વાદ ઉમેરવાની પ્રેરણા તેમને કાન્તિભાઈના લખાણોમાંથી જ મળી છે. સરળ ભાષામાં પરદેશી સંદર્ભો ટાંકીને દેશી વિચારોનો સંગમ કરતા માહિતીસભર લેખો લખવાનો ટ્રેન્ડ કાન્તિ ભટ્ટે જ શરૂ કર્યો હતો, જે એન્સાયક્લોપીડિયા જેવો જ્ઞાનવર્ધક સાબિત થતો. કાન્તિ ભટ્ટ અને શીલા ભટ્ટ દ્વારા શરૂ કરાયેલું મૂળ (ઓરિજિનલ) 'અભિયાન' મેગેઝીન વાચકો અને ઉગતા લેખકો માટે એક અણમોલ ખજાના સમાન હતું.

## પૂરગ્રસ્ત સુરતીઓ માટે ઐતિહાસિક રાહત: આગામી એક વર્ષ સુધી કોઇ વેરો ભરવો નહીં પડે!

સુરત

કુદરતી આફતની ભયાનક થપાટ સહન કરી રહેલા ડાયમંડ સિટી સુરતના નાગરિકો માટે એક બહુ જ મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. પૂરના કારણે જેમનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને કરોડો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે, તેવા પૂરગ્રસ્ત સુરતીઓ વતી સરકારે સંવેદનશીલ નિર્ણય લીધો છે. આગામી એક વર્ષ સુધી પૂર પ્રભાવિત વિસ્તારોના નાગરિકોએ કોઈ પણ પ્રકારનો મ્યુનિસિપલ વેરો (ટેક્સ) ભરવો નહીં પડે. સરકાર અને સ્થાનિક કોર્પોરેશનના આ નિર્ણયથી લાખો મધ્યમવર્ગીય પરિવારો અને વેપારીઓને બહુ મોટી આર્થિક રાહત મળશે.

તાજેતરમાં આવેલા વિનાશક પૂરના કારણે સુરતના અનેક નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. લોકોના ઘરોમાં ઘરવખરી અને વેપારીઓની દુકાનો કે ગોડાઉનોમાં લાખો-કરોડોનો માલસામાન નાશ પામ્યો હતો. આ કપરી પરિસ્થિતિમાં જ્યારે લોકો ફરી બેઠા થવાનો પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે તેમના માથે વેરાનો બોજ ન પડે તે માટે 'પાક્કો ગુજરાત' દ્વારા પણ સતત જનતાનો અવાજ ઉઠાવવામાં આવતો હતો.

### વડોદરા જિલ્લા પોલીસનું કરોડોનું 'હપ્તા રાજ'

# કરજણમાં ગૃહમંત્રીના આદેશોના લીરેલીરા ઉડાડતા પોલીસના 'લાડકા' વહીવટદારો..!

## SMCની રેડ પહેલા જ લોકેશન લીક કરવાનો સનસનાટીભર્યો ખેલ! : પત્રકારત્વ પર હુમલો સાંખી લેવાશે નહીં: 'પાક્કો ગુજરાત'ના તંત્રી પવન માકનને ધમકી આપનાર ભ્રષ્ટ વહીવટદાર ભૂપત રબારી સામે પોલીસ ફરિયાદ, સત્ય લખતા અટકાવવા મથતી ભ્રષ્ટ ટોળકી સામે ન્યૂઝ પેપરનો સણસણતો પ્રહાર!

અમદાવાદ

ગુજરાત સરકાર ભલે રાજ્યમાં કડક દારૂબંધીના ગગનભેદી દાવા કરતી હોય અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ભલે દારૂ-ડ્રગ્સ મુક્ત ગુજરાતના અભિયાનો ચલાવતા હોય, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી સામે આવેલા વાસ્તવિક અહેવાલોએ ગાંધીનગર બેઠેલા ઉચ્ચ પ્રશાસનની ઊંઘ હરામ કરી દીધી છે. કરજણમાં કાયદો અને વ્યવસ્થાના ખુલ્લેઆમ ધજાગરા ઉડી રહ્યા છે. આખો તાલુકો જાણે બુટલેગરો અને જુગારીઓ માટે સેફ હેવન બની ગયો છે. સરકારી નિયમોને નેવે મૂકીને કરજણ પોલીસ મથકની નાકની નીચે જ અબજો રૂપિયાનું ગેરકાયદેસર નેટવર્ક ધમધમી રહ્યું છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ આખા કાળા સામ્રાજ્યની કથિત કમાન સંભાળનારો બીજો કોઈ નહીં, પરંતુ ખુદ પોલીસનો જ એક માનીતો વહીવટદાર હનુભા કામડિયા ઉર્ફે હનુ બુટલેગર છે, જે અગાઉ દારૂના જ કેસમાં જેલની હવા ખાઈ ચૂક્યો છે અને સસ્પેન્ડ થઈ ચૂક્યો છે. આવા રીઢા માણસે આજે આખા કરજણ તાલુકાની પોલીસને કથિત રીતે પોતાના ઈશારે નચાવી રાખી છે.

### PIના કમાઉ દીકરાઓ: ભુપત રબારી અને ખોડા રબારીનો આતંક!

સૂત્રો પાસેથી મળતી અત્યંત ચોંકાવનારી અને સનસનાટીભરી માહિતી મુજબ, વડોદરા એલસીબી પીઆઈના ખાસ મોહરા અને 'કમાઉ દીકરા' તરીકે ઓળખાતા ભુપતભાઈ રબારી (ડભોઇ બીટ) અને ખોડાભાઈ રબારી આ આખા ખેલના મુખ્ય સૂત્રધારો છે. આ બંને વહીવટદારો કરજણ તાલુકા સહિત સમગ્ર વડોદરા જિલ્લાના બુટલેગરો, જુગારના અડ્ડાઓ અને ગેરકાયદેસર ધંધાવાળાઓ




પાસેથી મસમોટો લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવીને પીઆઈ સાહેબ સુધી પહોંચાડવાનું મોટું નેટવર્ક ચલાવી રહ્યા છે. આ વહીવટદારો અને પોલીસની મિલીભગતને કારણે જ આખા જિલ્લામાં બુટલેગરો બેફામ બન્યા છે અને સ્થાનિક પોલીસ પણ આ અડ્ડાઓ પર રેડ કરવાની હિંમત કરી શકતી નથી!

ગામડે-ગામડે ધમધમતા અડ્ડાઓનું લોકેશન સાથે પર્દાફાશ: કરોડોના હપ્તાના જોરે કરજણ પોલીસ મથકથી માત્ર ૨ કિલોમીટર દૂર આવેલા કરમડી ગામમાં અંદાજે ૧૫થી વધુ દેશી દારૂની ભઠ્ઠીઓ કોઈ પણ ડર વગર ચાલી રહી છે, જ્યાં કેમિકલયુક્ત ઝેરી દેશી દારૂ ગળાય છે. આ ઉપરાંત: કુલારી ગામ: નવી નગરી પાણીની ટાંકી પાસે નગીન નામનો બુટલેગર જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. સાપા ગામ: નવી વસાહતમાં પણ આ વરલી મટકાનો સટ્ટો ગરમાગરમ ચાલે છે. સીમડીથી રાણપુર રોડ: રાણપુર ગામનો સરપંચ અને બીજેપી યુવા મોરચાનો પ્રમુખ પાર્થ શાહ પોતે આખા કરજણ તાલુકામાં વિદેશી દારૂનો મોટો ધંધો ચલાવતો હોવાના અને આ રસ્તે દારૂનો જંગી જથ્થો છુપાવ્યો હોવાના પાકા પુરાવા મળ્યા છે.

કંડારી ગામ: ટાવર પાસે અમિત વસાવા નામનો બુટલેગર અંગ્રેજી દારૂનું વેચાણ કરે છે. બારીયાવાસ વિસ્તાર: પરેશ ચુનાવાડા નામનો શખ્સ ખુલ્લેઆમ ઈંગ્લિશ દારૂ વેચી રહ્યો છે. એસએમસીની રેડ પહેલા લોકેશન લીક કરવાનો સનસનાટીભર્યો ખેલ: આ મામલે સૌથી મોટો વિસ્ફોટ એ છે કે જ્યારે કોઈ જાગૃત નાગરિક સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)માં આ અડ્ડાઓની ઓનલાઈન ફરિયાદ કરે છે, ત્યારે ગાંધીનગરથી રેડ પડે તે પહેલા જ વડોદરા એલસીબીના કેટલાક કથિત ભ્રષ્ટ કર્મીઓ (જેમાં એસએમસીના જ એક કોન્સ્ટેબલે વડોદરા એલસીબી પીઆઈને બાતમી આપી હોવાની ચર્ચા છે) વહીવટદારને અને કરજણ પોલીસને વોટ્સએપ પર લોકેશન શેર કરીને કહી દે છે કે 'ગાડી નીકળી ગઈ છે, અડ્ડા બંધ કરી દો!'. વડોદરા એલસીબી પીઆઈ અને કરજણ પોલીસ સ્ટેશનના પીઆઈ પટેલના વહીવટદારોએ આખા બરોડા જીલ્લાને બુટલેગરોને વેચી દીધો હોય તેવી સ્થિતિ છે. આ મામલે પક્ષ જાણવા માટે જ્યારે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ દ્વારા એલસીબી પીઆઈ સાહેબનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો, ત્યારે તેઓ મીડિયાના સવાલોથી ભાગતા ફર્યા અને ફોન ઉપાડવાના જ બંધ કરી દીધા હતા!

### ચોથો સ્તંભ જોખમમાં: સત્ય ઉજાગર કરનાર પત્રકારને ધમકી આપવાની હિમાકત!

હપ્તાખોરીના નશામાં ચૂર બનેલા વહીવટદાર ભૂપત રબારીએ પોતાની સત્તા અને વગનો દુરુપયોગ કરીને 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના તંત્રી પવન માકનને ખુલ્લેઆમ ધમકી આપી છે. સત્યનો અવાજ દબાવી દેવાના ઈરાદે આપવામાં આવેલી આ ધમકી સામે 'પાક્કો ગુજરાત' ઝૂકવા તૈયાર નથી. તંત્રી પવન માકને સહેજ પણ ડર્યા વગર આ ભ્રષ્ટ વહીવટદાર ભૂપત રબારી સામે વિધિવત પોલીસ ફરિયાદ દાખલ કરાવી દીધી છે. લોકશાહીના ચોથા સ્તંભ સમાન પત્રકારત્વને ડરાવવાનો પ્રયાસ કરનારા આવા તત્વો સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી થવી જ જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ પત્રકારને ધમકાવવાની હિંમત ન કરી શકે.

### 'પાક્કો ગુજરાત' ન્યૂઝનો સરકાર અને પ્રશાસનને સણસણતો સવાલ:

૧. વડોદરા જિલ્લાના પોલીસ વડા (SP) સુશીલ અગ્રવાલ અને પીઆઈ પટેલ પોતાના નાકની નીચે ચાલતા આ કરોડોના હપ્તા રાજ અને પીઆઈના કમાઉ દીકરાઓ ભુપત રબારી અને ખોડા રબારીની કરતૂતો સામે આંખ આડા કાન કરીને કેમ બેઠા છે? આ મૌન પાછળ કયું મોટું આર્થિક રહસ્ય છુપાયેલું છે?

૨. સૂત્રોના આધારે એલસીબી પીઆઈ અને તેના વહીવટદારો મહિને લાખો રૂપિયાનો હફ્તો ઉઘરાવી રહ્યા છે અને અબજોની બેનામી મિલકતો વસાવી લીધી છે, તો એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા આ પીઆઈ અને વહીવટદારોની બેંક બેલેન્સ અને મિલકતોની ગુપ્ત તપાસ કેમ કરવામાં આવતી નથી?

૩. સ્થાનિક ધારાસભ્ય અને સાંસદ આ ગંભીર દૂષણ અને કેમિકલયુક્ત દારૂના વેપાર સામે કેમ મૌન ધારણ કરીને બેઠા છે? શું જનતાના જીવ કરતા આ વહીવટો વધુ વહાલા છે?

૪. સૌથી ઘાતક સવાલ–કરજણ તાલુકામાં કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓ બેફામ ચાલે છે, જો ભવિષ્યમાં અહીં કોઈ મોટો અને ભયાનક લઠ્ઠાકાંડ સર્જાશે અને નિર્દોષ નાગરિકોના મોત થશે, તો તેનો અસલી જવાબદાર કોણ? ગાંધીનગર બેઠેલી સરકાર, જીલ્લાના એસપી કે પછી હપ્તાખોરીમાં ડૂબેલા આ પીઆઈ અને વહીવટદારો? આ ભ્રષ્ટ ટોળકી રાજ્યના મુખ્યમંત્રીની અને ગૃહમંત્રીની સ્વચ્છ છબીને ખરડી રહી છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સીધો સવાલ પૂછે છે કે, બુટલેગરોના જોરે અને કમાઉ દીકરાઓના હપ્તા રાજ પર ચાલતી આ સિસ્ટમ સામે તેમજ પત્રકારોને ધમકાવતા ગુંડા તત્વો સામે ગાંધીનગરથી ક્યારે કડક હથોડો ઝીંકાશે?

### સચિવાલયમાં 28 નવા સેક્શન ઓફિસરના પદોને મંજૂરી

# CMO સહિત 26 વિભાગો અને 19 કચેરીઓને વધારાના અધિકારીઓ મળશે

ગાંધીનગર

રાજ્ય સરકારે સચિવાલયના વહીવટી કામકાજને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સામાન્ય વહીવટ વિભાગ (જીએડી) દ્વારા સેક્શન ઓફિસર (વર્ગ-2)ના 28 નવા પદોને મંજૂરી આપવામાં આવતા હવે સચિવાલયમાં આ કેડરના કુલ મંજૂર પદોની સંખ્યા 606 પરથી વધીને 634 થઈ ગઈ છે. રાજ્ય સરકારના આ



નિર્ણયથી સરકારી ફાઈલોનો નિકાલ વધુ ઝડપથી થઈ શકશે અને વિવિધ વિભાગોમાં નીતિગત નિર્ણયોનું અમલીકરણ પણ સમયસર થઈ શકશે. આ નિર્ણયનો લાભ મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) સહિત રાજ્ય સરકારના 26 વિભાગો અને 19 કચેરીઓને મળશે. વધારાના કાર્યબળના કારણે વિભાગો વચ્ચે સંકલન વધશે તેમજ નાગરિકોને મળતી સરકારી સેવાઓમાં પણ ઝડપ અને પારદર્શિતા આવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા વધતી વહીવટી જવાબદારીઓ, વિકાસલક્ષી યોજનાઓ અને ફાઈલોના વધતા ભારને ધ્યાનમાં રાખીને સચિવાલયના કેડર સ્ટ્રેન્થની સમીક્ષા કરવામાં આવી હતી. આ સમીક્ષા બાદ પદોની સંખ્યામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી નિર્ણય પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત અને સમયબદ્ધ બની શકે. રાજ્ય સરકારે કેટલાક મહત્વના વિભાગો અને કચેરીઓ માટે હંગામી પદો તેમજ ડેપ્યુટેશન રિઝર્વની પણ જોગવાઈ કરી છે.

## વડોદરામાં હિટ એન્ડ રન: અમિતનગર સર્કલ પાસે કાળમુખી i20 કારે રાહદારીને ઉડાવ્યો, નંબર પ્લેટ વિનાની ચાલક ફરાર

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના વ્યસ્ત ગણાતા અમિતનગર સર્કલ પાસે એક હૃદયકંપાવનારી હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલી એક i20 કારના ચાલકે રસ્તો ઓળંગી રહેલા માસૂમ રાહદારીને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર માર્યા બાદ કાર ચાલક પીડિતની મદદ કરવાના બદલે ઘટનાસ્થળેથી જ ગાડી ભગાડીને ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટનાના કાળજુ કંપાવી દે તેવા CCTV ફૂટેજ હવે સામે આવ્યા છે. આ અકસ્માત પાછળ કોઈ મોટું ષડયંત્ર કે ગુનાહિત માનસિકતા હોય તેમ કાર ચાલકે પોલીસથી બચવા માટે પૂરી તૈયારી કરી રાખી હતી. ઘટનાના સીસીટીવી ફૂટેજ તપાસતા સામે આવ્યું છે કે: અકસ્માત સર્જનાર i20 કાર પર આગળ કે પાછળ કોઈ પણ પ્રકારની નંબર પ્લેટ લગાવેલી નહોતી, જેના કારણે કારની ઓળખ કરવી અત્યંત મુશ્કેલ બની રહી છે.

### ગાંધીના ગુજરાતમાં અદાણી સામે ખેડૂતો રણચંડી બન્યા

# 'અદાણી, તારા ઘર આગળ થાંભલો નાખ, અમને હેરાન ન કર!'

મોરબી

મોરબીથી આક્રંદ અને આક્રોશના એવા દ્રશ્યો સામે આવ્યા છે જે કોઈ પણ સંવેદનશીલ માણસને હચમચાવી મૂકે. ખેડૂતોની કિંમતી જમીન પર અદાણી જૂથના વીજ લાઈનના તોતિંગ થાંભલા ઊભા કરવા સામે જેતપર પંથકના ખેડૂતો અને મહિલાઓ આરપારની લડાઈ લડી રહ્યા છે. 'અદાણી, તારા ઘર આગળ થાંભલો નાખ, અમને હેરાન ન કર!'–આ કોઈ સામાન્ય નારો નથી, આ પોતાની માટી અને અસ્તિત્વ બચાવવા તરફડતા એક ખેડૂત પરિવારનો આક્રોશ છે. ભૂખ્યા-તરસ્યા, ધોમધખતા તાપમાં ન્યાય માટે ટળવળતા આ પરિવારોનો અવાજ ગાંધીનગરના બહેરા કાન સુધી કેમ નથી પહોંચતો? એ જ મોટો સવાલ છે. મોરબીના જેતપર પંથકમાં અદાણી કંપની દ્વારા ઊભા કરાઈ રહેલા હાઈટેન્શન વીજ લાઈનના ટાવરો સામે લાંબા સમયથી ઉગ્ર વિરોધ ચાલી રહ્યો છે. ખેતી લાયક ફળદ્રુપ જમીનની છાતી ચીરીને ઊભા કરાતા આ થાંભલાઓ સામે હવે ખેડૂતો રોડ પર ઉતરી આવ્યા છે. આ આક્રોશ માત્ર ખેતરો પૂરતો સીમિત નથી રહ્યો, પણ હવે મોરબી કલેક્ટર કચેરી સુધી વિશાળ રેલી સ્વરૂપે પહોંચી ગયો છે અને તંત્રને ઘેરવાનો પ્રયાસ કરાયો છે. આ આંદોલનનું સૌથી મોટું ચિત્ર એ છે કે પુરુષોની સાથે-સાથે ઘરની મહિલાઓ પણ રસ્તા પર ઉતરી આવી છે. કલેક્ટર કચેરીની બહાર વિરોધ પ્રદર્શન કરી રહેલી એક મહિલાએ હૈયા વરાળ ઠાલવતા કહ્યું: 'અમે કેટલાય દિવસોથી ભૂખ્યા-તરસ્યા અહીં ન્યાય માટે બેઠા છીએ. અમારા નાના-નાના છોકરાઓ પરેશાન થાય છે, પણ આ આંધળી-બહેરી સરકારને અમારી સેજ પણ દયા નથી આવતી. આ જમીન અમારી મા છે, અને એની ઉપર અમે અદાણીના થાંભલા નહીં નખાવવા દઈએ!'

### ડમી સ્કૂલ અને માર્ક્સનું ભૂત

# તમારા બાળકના ભવિષ્ય માટે સૌથી ભયાનક ખતરો! બાળપણ છીનવાયું

રાજકોટ

જે ઉંમરે બાળકોના ચહેરા પર મુક્ત હાસ્ય અને હવામાં સપનાઓ હોવા જોઈએ, તે ઉંમરે આજે ગુજરાતના લાખો માસૂમ બાળકો 'ડમી સ્કૂલ' અને 'માર્ક્સ લાવવાના ભૂત' પાછળ પોતાનું બાળપણ હોમી રહ્યા છે. માત્ર મોટી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા અને ટકાવારીની આંધળી દોટમાં ડમી સ્કૂલોનું એક એવું ભયાનક દળદળ ઊભું થયું છે, જે બાળકના ભવિષ્યને દીધેલી ઉધઈની જેમ અંદરથી ખોખલું કરી રહ્યું છે. શું આપણે આપણા બાળકને એક જીવંત માણસ બનાવી રહ્યા છીએ કે પછી ડિપ્રેશન અને તણાવની ભઠ્ઠીમાં શેકાવા માટેનું માત્ર એક મશીન? આ સવાલ આજે દરેક માતા-પિતાએ પોતાને પૂછવાનો સમય આવી ગયો છે. કોઈપણ સ્કૂલે ગયા વિના, માત્ર કાગળ પર હાજરી બતાવીને કોચિંગ ક્લાસના બંધ રૂમમાં ૧૪-૧૪ કલાક ગોખણપટ્ટી કરાવતી આ ડમી સ્કૂલોએ બાળકોનું સામાજિક જીવન સાવ ખતમ કરી નાખ્યું છે.

સામાજિક એકલતા: નથી કોઈ રમતનું મેદાન, નથી કોઈ મિત્રો સાથેની મસ્તી. સવારથી સાંજ સુધી બસ પુસ્તકો અને ટેન્શન.

માનસિક તણાવ અને ડિપ્રેશન: ૧૫ થી ૧૭ વર્ષની કુમળી વયે બાળકો ગંભીર ડિપ્રેશન, એન્ઝાયટી અને અનિદ્રા જેવી બીમારીઓનો ભોગ બની રહ્યા છે. આજે ગુજરાતમાં ડમી સ્કૂલો અને મોટા કોચિંગ સેન્ટરોનું ગઠબંધન એક મસમોટું સ્કેમ બની ચૂક્યું છે.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 16 જુલાઈ 2026 | અમદાવાદ

સુરક્ષા રેલિંગ ગાયબ, વળાંક પર મોતની સંતાકૂકડી

# ડભોઇના મંડાળા રોડ પર ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય : વહીવટી તંત્રની ઘોર બેદરકારીથી હાઇવે બન્યો 'ડેન્જર ઝોન'

ડભોઇ

ચોમાસાની ઋતુમાં એક તરફ કુદરત સોળે કળાએ ખીલી રહી છે, ત્યારે બીજી તરફ ડભોઇ તાલુકાના મંડાળા રોડ પર તંત્રની નઘરોળ નીતિને કારણે આ જ કુદરતી વનસ્પતિ વાહનચાલકો માટે કાળ સાબિત થઈ રહી છે. મંડાળા ગામમાંથી પસાર થતા મુખ્ય માર્ગ પર હાલ એટલી હદે જોખમી પરિસ્થિતિ સર્જાઈ છે કે વાહનચાલકો જીવ હથેળીમાં મૂકીને પસાર થવા મજબૂર બન્યા છે. રોડની બંને બાજુએ ઊગી નીકળેલા તોતિંગ ઝાડી-ઝાંખરા અને ઘાસના સામ્રાજ્ય સામે માર્ગ અને મકાન વિભાગ આંખ આડા કાન કરીને બેઠું છે.




પ્રજાના ટેક્સના પૈસાનું રીતસરનું નિકંદન: ચાર-ચાર મહિનાથી સાઈન બોર્ડ તૂટેલી હાલતમાં, સ્ટેટ હાઈવે વિભાગના અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં વિશ્વપ્રસિદ્ધ પ્રવાસી મથક 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતા ડભોઈના મુખ્ય માર્ગો પરથી તંત્રની એક એવી શરમજનક અને ઘોર બેદરકારી સામે આવી છે, જે જોઈને પ્રજાનો લોહીઉકાળો થઈ જાય. દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓને રસ્તો બતાવવા માટે જે સાઈન બોર્ડ લાખો રૂપિયાના ખર્ચે લગાવવામાં આવ્યા હતા, તે જ બોર્ડ આજે વહીવટી તંત્રની નિષ્કાળજીના કારણે કચરાના ઢગલામાં ફેરવાઈ ગયા છે. સ્ટેટ હાઈવે વિભાગના અધિકારીઓની આળસને કારણે સરકારી મિલકત ધૂળ ખાઈ રહી છે.

ડભોઈ વેગા ચોકડીની આગળ તેમજ અન્ય મુખ્ય સર્કલો પર પ્રવાસીઓની સુવિધા માટે મોટા કદના દિશા સૂચક બોર્ડ ઊભા કરવામાં આવ્યા હતા. આ બોર્ડ તૂટી પડ્યાને આજે ચાર-ચાર મહિના જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, કાન પકડીને બેઠેલા અધિકારીઓમાંથી કોઈને પણ આ બોર્ડ સરખા કરવાની તસ્દી લેવાની ઈચ્છા થઈ નથી. લાખોના મોંઘાદાટ બોર્ડ આજે કંડમ હાલતમાં રસ્તાની સાઈડમાં પડ્યા છે.

ડભોઈથી વડોદરા, અમદાવાદ, રાજપીપલા અને બોડેલી જવા માટેના આ મુખ્ય દિશા સૂચક બોર્ડ હતા. ખાસ કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા હજારો પ્રવાસીઓ દરરોજ અહીંથી પસાર થાય છે. બોર્ડ જ ગાયબ હોવાના કારણે બહારથી આવતા વાહનચાલકો ભારે મૂંઝવણમાં મુકાય છે અને ખોટા રસ્તે ચડી જાય છે. એક તરફ ગુજરાત પ્રવાસનને વેગ આપવાની મોટી-મોટી વાતો થાય છે, ત્યારે બીજી તરફ પ્રવાસીઓની પાયાની સુવિધાના આવા ધજાગરા ઉડી રહ્યા છે.

પ્રજા પરસેવો પાડીને જે ટેક્સ ભરે છે, તે લાખો રૂપિયાના ખર્ચે આ બોર્ડ ઊભા કરાયા હતા. આજે આ બોર્ડ કચરામાં રોળાઈ રહ્યા છે, જેનાથી સરકારી મિલકતનું ભારે નુકસાન થઈ રહ્યું છે.

## સરકારી કર્મચારીઓ માટે સૌથી મોટા અને ખુશીના સમાચાર: 2005 પહેલાના બાકી કર્મચારીઓને OPS આપવાની તૈયારી શરૂ

ગાંધીનગર

ગુજરાતના સરકારી કર્મચારીઓ અને પેન્શનધારકો માટે લાંબા સમય બાદ એક અત્યંત મહત્વના અને રાહતના સમાચાર સામે આવ્યા છે.

વર્ષ 2005 પહેલા સરકારી સેવામાં જોડાયેલા પરંતુ કોઈને કોઈ કારણસર જૂની પેન્શન યોજના (OPS)ના લાભથી વંચિત રહી ગયેલા કર્મચારીઓ માટે હવે આશાનું કિરણ પ્રગટ્યું છે. રાજ્ય સરકારની પેન્શન એન્ડ પ્રોવિડન્ટ ફંડ નિયામક કચેરી દ્વારા આ બાકી રહી ગયેલા કર્મચારીઓને ઓલ્ડ પેન્શન સ્કીમ (OPS)નો લાભ આપવા માટેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક કચેરી દ્વારા રાજ્ય સરકારના તમામ જુદા જુદા વિભાગો, ખાતાના વડાઓ અને સત્તાધીશોને સત્તાવાર પત્ર લખીને આદેશ કરાયો છે. જેમાં 2005 પહેલાના જે કર્મચારીઓ બાકી રહી ગયા છે, તેમની તમામ વિગતો અને ડેટા તાત્કાલિક અસરથી મગાવવામાં આવ્યો છે. સરકાર હવે આ કર્મચારીઓની ફાઈલોનો નિકાલ કરીને તેમને ન્યાય આપવાના મૂડમાં હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

ગુજરાતમાં 2005 પછી નવી પેન્શન યોજના (NPS) અમલમાં આવી હતી, પરંતુ તે પહેલાના ઘણા કર્મચારીઓ ટેકનિકલ કારણો કે વહીવટી વિલંબને લીધે જૂની પેન્શન યોજનામાં સામેલ થઈ શક્યા ન હતા. આ કર્મચારીઓ લાંબા સમયથી લડત ચલાવી રહ્યા હતા કે તેમને પણ ન્યાય મળવો જોઈએ. હવે જ્યારે નિયામક કચેરીએ સત્તાવાર રીતે માહિતી મગાવવાની પ્રક્રિયા શરૂ કરી છે, ત્યારે હજારો કર્મચારીઓ અને તેમના પરિવારોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

# ગુજરાતના નામે વધુ એક સુવર્ણ સિદ્ધિ

## રાજ્યના કૃષિ વિભાગને નવી દિલ્હી ખાતે પ્રતિષ્ઠિત 'એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ-2026' એનાયત કરાયું

ગાંધીનગર

દેશના ગ્રોથ એન્જિન ગણાતા ગુજરાતે કૃષિ અને બાગાયત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે ફરી એકવાર ડંકો વગાડ્યો છે. રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા બાગાયત ક્ષેત્રે કરવામાં આવેલી શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ કામગીરીની દેશભરમાં નોંધ લેવાઈ છે. નવી દિલ્હી ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં ગુજરાતને વર્ષ 2026નો પ્રતિષ્ઠિત 'એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે.



નવી દિલ્હી ખાતે આયોજિત 17મા એગ્રીકલ્ચર લીડરશીપ કોન્કલેવમાં આ પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહ યોજાયો હતો. જેમાં ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહના વરદ હસ્તે ગુજરાતના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને આ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાતના ખેડૂતોને આધુનિક ટેકનોલોજી અને બાગાયતી પાકો તરફ વાળીને કૃષિ ક્રાંતિ સર્જવા બદલ આ સર્વોચ્ચ બહુમાન આપવામાં આવ્યું છે.

દિલ્હીથી એવોર્ડ લઈને પરત ફરેલા કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાએ આ ગૌરવવંતો એવોર્ડ ગાંધીનગર ખાતે યોજાયેલી કેબિનેટ બેઠકમાં પ્રસ્તુત કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી તેમજ સમગ્ર મંત્રીમંડળ સમક્ષ આ સન્માન રજૂ કરાતા હર્ષની લાગણી ફેલાઈ ગઈ હતી. મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળે કૃષિ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની મહેનતને બિરદાવીને સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

આ એવોર્ડ સાબિત કરે છે કે ગુજરાત સરકાર માત્ર ઉદ્યોગો જ નહીં, પરંતુ જગતના તાતની સમૃદ્ધિ માટે પણ એટલી જ કટિબદ્ધ છે.

## અંબાજીમાં ચૂંટણીની અદાવતમાં તાલુકા પંચાયત સભ્ય ના વેપારી પતિ પર અંબાજીના શખ્સે સોપારી આપી કરાવ્યો જીવલેણ હુમલો

અંબાજી

અંબાજીમાં અગાઉની ચૂંટણીની અદાવત રાખી અંબાજી ના સરપંચ પતિ હેમંતભાઈ દવે નામના શખ્સે બહારથી ગુંડાઓ બોલાવી વેપારી મુરારીપ્રસાદ અગ્રવાલની એક્ટિવા રોકી લાકડી તેમજ ગડદાપાટુનો નિર્મમ માર માર્યો હોવાનું સામે આવ્યું છે. હુમલાખોરો વેપારીના ખિસ્સામાંથી રૂપિયા 10,000 રોકડા ઝૂંટવીને વરના કારમાં નાસી છૂટ્યા પડ્યા હતા. ત્યાર બાદ ઈજાગ્રસ્ત વેપારી ને અંબાજી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખેડવામાં આવ્યો હતો. અંબાજીમાં તાલુકા પંચાયત ના સભ્યના વેપારી પતિ પર હુમલાના મામલે થી અંબાજી વિસ્તાર મા ચકચાર મચી પામ્યો હતો. અંબાજીના હેમંત દવે સાથે અન્ય 6 લોકો સામે વેપારી મુરારી અગ્રવાલે પોલીસ ફરિયાદ



નોંધાવી છે. ઘટના ને અંજામ આપી ફરાર તમામ આરોપીઓ અને અંબાજીના હેમંતભાઈ દવે આરોપી સહિત કુલ 7 લોકોની અંબાજી પોલીસે ઘરપકડ કરી છે. પોલીસે ગુનો નોંધી પી.આઈ. ડી.આર. પારઘી દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

રાત્રે ૯ પછી મુસાફરી એટલે મોતના મોંમાં જવું!

# સાવધાન! અંબાજી-આબુ રોડ લૂંટારુઓનો અડ્ડો બન્યો

અંબાજી

શું ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર કાયદો અને વ્યવસ્થા સાવ પડી ભાંગી છે? શું ખાખી વર્દીનો ડર ગુનેગારોના મનમાંથી સાવ ગાયબ થઈ ગયો છે? આ સવાલો એટલા માટે ઊભા થઈ રહ્યા છે કારણ કે અંબાજીથી આબુ રોડ પર રાત્રિના સમયે પસાર થવું હવે મોતના ખેલ ખેલવા સમાન બની ગયું છે. ગઈકાલે રાત્રે ૯ વાગ્યા પછી આ હાઈવે પર બનેલી એક અત્યંત ભયાનક અને ઘાતક ઘટનાએ પ્રવાસીઓની સુરક્ષાના લીરેલીરા ઉડાડી દીધા છે. લૂંટના ઈરાદે ત્રાટકેલી ટોળકીએ એક પરિવારની ગાડી પર જીવલેણ હુમલો કરતા સમગ્ર પંથકમાં સન્નાટો વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, ગઈકાલે રાત્રે ૯ વાગ્યા પછી એક પરિવાર પોતાની ઈનોવા કાર લઈને અંબાજીથી આબુ રોડ તરફ જઈ રહ્યો હતો. હાઈવે સાવ સુમસામ હતો અને અંધારાનો લાભ લઈને રસ્તાની બાજુમાં છુપાયેલા લૂંટારુઓએ અચાનક ગાડીને નિશાન બનાવી હતી. ગાડીને રોકવા અને અંદર બેઠેલા લોકોને બંધક બનાવી લૂંટ ચલાવવાના ઈરાદે લૂંટારુઓએ જોરદાર પથ્થરમારો શરૂ કરી દીધો હતો.

હુમલો એટલો ઘાતક અને જોરદાર હતો કે ઈનોવા કારના મજબૂત કાચ કડાકાભેર તૂટી પડ્યા હતા. ભારેખમ પથ્થરો કાચ તોડીને ગાડીની અંદર સુધી ઘૂસી આવ્યા હતા. ગાડીમાં બેઠેલા નિર્દોષ મુસાફરોનો જીવ અધ્ધર થઈ ગયો હતો અને તેઓ માંડ-માંડ મોતનો કોળિયો બનતા બચ્યા હતા. ભયના એ માહોલમાં પરિવારે કોઈ પ્રકારે પોતાની ગાડી ત્યાંથી હંકારી મૂકી હતી.

સૌથી ગંભીર અને ચોંકાવનારી બાબત એ છે કે આ વિસ્તારમાં પોલીસ પીસીઆર (PCR) વાન પેટ્રોલિંગ તો કરે છે, પરંતુ તેની હાજરી માત્ર કાગળ પર કે શોભાના ગાંઠિયા સમાન હોય તેવું લાગી રહ્યું છે. ભોગ બનનાર પરિવારે જણાવ્યું કે, ઘટના બાદ પોલીસ પીસીઆર તેમને સલામત સ્થળે મૂકીને જતી રહી હતી, પરંતુ હાઈવે પર આતંક મચાવતા આ લૂંટારુઓને પોલીસનો રજતી ભાર પણ ડર નથી. પોલીસ વાહન નીકળ્યા બાદ લૂંટારુઓ ફરી સક્રિય થઈ જાય છે અને અન્ય નિર્દોષ વાહનચાલકોનો શિકાર કરે છે. અહીં કાયદાનું શાસન છે કે ગુનેગારોનું, તે સમજાતું નથી.

મુગલીસરા કચેરીમાં પત્રકારોના પ્રવેશ પર સદંતર પ્રતિબંધ!

# લોકશાહીના ચોથા સ્તંભ પર ત્રાટક્યું સુરત પાલિકાનું સરમુખત્યારશાહી શાસન

સુરત

સુરત મહાનગરપાલિકાની મુગલીસરા મુખ્ય કચેરીમાંથી એક એવા ચોંકાવનારા અને લોકશાહીની હત્યા સમાન સમાચાર સામે આવ્યા છે, જે જોઈને ચોથી જાગીર ગણાતા મીડિયા જગતમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. કમિશનર અને સત્તાધીશોના ઈશારે હવે સુરત પાલિકાની કચેરીમાં પત્રકારો અને કેમેરામેનોના પ્રવેશવા પર કડક પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. જનતાના પ્રશ્નો અને ભ્રષ્ટાચારના અહેવાલો ઉજાગર કરતા પત્રકારોને રોકવા માટે કચેરીના દરવાજે બાઉન્સરો જેવા તોતિંગ ખાનગી માર્શલો ખડકી દેવામાં આવ્યા છે.

અત્યાર સુધી સરકારી કચેરીઓ જનતા અને મીડિયા માટે ખુલ્લી રહેતી હતી, પરંતુ સુરત પાલિકાના શાસકોએ કચેરીને જાણે કોઈ ખાનગી જાગીર સમજી લીધી છે. મુગલીસરા કચેરીમાં કોઈ પણ પત્રકાર કેમેરો કે માઈક આઈડી લઈને અંદર ન પ્રવેશે તે માટે મુખ્ય ગેટ પર જ માર્શલોનો સખત જાપ્તો ગોઠવી દેવાયો છે. જો કોઈ પત્રકાર ગ્રાઉન્ડ લેવલના સત્ય અહેવાલો બતાવવા માટે વિડીયો બનાવવાનો પ્રયત્ન કરે, તો આ માર્શલો રીતસરના ધાકધમકી પર ઉતરી આવે છે અને મોબાઈલ-કેમેરા ઝૂંટવી લેવાની કોશિશ કરે છે. કરોડો રૂપિયાના ટેન્ડરો, ભ્રષ્ટાચારની પોલ અને અધિકારીઓની બેદરકારીના કિસ્સાઓ અવારનવાર મીડિયા દ્વારા ઉજાગર કરવામાં આવે છે.

દેશના 4 ટોચના મેડિકલ એક્સપર્ટ્સ પાસેથી સમજો આ વાયરસનો આખો કાળો ઈતિહાસ

# ગુજરાત એક્સપ્લેનર : બંદૂકની ગોળી જેવો ઘાતક ચાંદીપુરા વાયરસ, હવે શહેરી બાળકો પર મોટું સંકટ!

ગાંધીનગર

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત સાથે જ એક એવો અદ્રશ્ય કાળ ત્રાટક્યો છે, જેણે માસૂમ બાળકોના જીવ લેવાનું શરૂ કરી દીધું છે. આ કોઈ સામાન્ય તાવ નથી, પણ બંદૂકની ગોળીની ઝડપે બાળકના મગજ પર હુમલો કરતો અત્યંત ઘાતક 'ચાંદીપુરા વાયરસ' છે. અત્યાર સુધી આ વાયરસ માત્ર ગ્રામીણ વિસ્તારો પૂરતો સીમિત મનાતો હતો, પરંતુ આ વખતે ચાંદીપુરા વાયરસે પોતાની પેટર્ન બદલી છે અને હવે તે શહેરી વિસ્તારોના બાળકોને પણ પોતાનો શિકાર બનાવી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 12 થી વધુ બાળકો આ રાક્ષસી વાયરસના કારણે મોતને ભેટ્યા છે, જેનાથી સમગ્ર આરોગ્ય તંત્ર અને વાલીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, માઈક્રોસ્કોપમાં જોતાં આ ચાંદીપુરા વાયરસનો આકાર રીતસર 'બંદૂકની ગોળી' (Bullet-shaped) જેવો દેખાય છે. તેની ઘાતકતા પણ ગોળી જેવી જ છે. શરીરમાં પ્રવેશ્યા બાદ આ વાયરસ ખૂબ જ ઓછા સમયમાં સીધો બાળકના સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ એટલે કે મગજ પર એટેક કરે છે. જેના કારણે મગજમાં સોજો આવી જાય છે, જેને તબીબી ભાષામાં એન્સેફાલાઈટિસ કહેવાય છે. હુમલો એટલો ઝડપી હોય છે કે ડૉક્ટરોને સારવાર કરવાનો પૂરતો સમય પણ મળતો નથી.

ગોત્રી ઇસ્કોન મંદિરની 45મી ભવ્ય રથયાત્રા

# વડોદરામાં અષાઢી બીજે ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળશે

## ભક્તો માટે 45,000 કિલો (45 ટન) શુદ્ધ દેશી ઘીના શીરાનો મહાપ્રસાદ તૈયાર કરાશે; સંસ્કારી નગરી વડોદરા ભક્તિરસમાં તરબોળ થવા સજ્જ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં આગામી ૧૬ જુલાઈના અષાઢી બીજના પાવન પર્વે ભક્તિનો અનોખો માહોલ જોવા મળશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગોત્રી સ્થિત ઈસ્કોન મંદિર દ્વારા ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરાના રાજમાર્ગો પર ભગવાન સ્વયં ભક્તોને દર્શન આપવા નગરચર્યાએ નીકળશે, જેને લઈને શહેરભરના નાગરિકો અને કૃષ્ણભક્તોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. ગોત્રી ઈસ્કોન મંદિર દ્વારા વડોદરા શહેરમાં છેલ્લા ૪૫ વર્ષથી સતત અવિરતપણે આ રથયાત્રાનું પરંપરાગત આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૪૫માં વર્ષમાં પ્રવેશી રહેલી આ રથયાત્રાને વધુ ભવ્ય અને યાદગાર બનાવવા માટે મંદિર પ્રશાસન અને હજારો સ્વયંસેવકો રાત-દિવસ એક કરી રહ્યા છે. રથયાત્રાના સમગ્ર રૂટ પર ભગવાનના સ્વાગત માટે આકર્ષક શણગાર અને રંગોળીઓ કરવામાં આવશે. આ વર્ષની રથયાત્રાનું મુખ્ય આકર્ષણ ભગવાનને ધરાવવામાં આવનારો અને ભક્તોમાં વહેંચાનારો મહાપ્રસાદ છે. ઈસ્કોન મંદિર દ્વારા આ વખતે ભક્તો માટે ખાસ આયોજનના ભાગરૂપે શુદ્ધ દેશી ઘીમાંથી તૈયાર કરવામાં આવેલ ૪૫,૦૦૦ કિલો એટલે કે અંદાજે ૪૫ ટન શીરાના પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. આ મહાપ્રસાદ તૈયાર કરવા માટે રસોઈયાઓ અને ભક્તોની ખાસ ટીમો અત્યારથી જ કામે લાગી ગઈ છે, જેથી રથયાત્રા દરમિયાન દર્શને આવતા તમામ શ્રદ્ધાળુઓ સુવ્યવસ્થિત રીતે પ્રસાદ ગ્રહણ કરી શકે.

"પરિવારને બંદૂકની અણીએ બંધક બનાવી ખોટી ફરિયાદ ઊભી કરાઈ!"

# વેરાવળમાં એસ.એમ.સી. (SMC)ના દરોડા મામલે ધારાસભ્ય વિમલ ચુડાસમાનો સનસનાટીભર્યો આરોપ

વેરાવળ

ગુજરાત પોલીસની કાયદો અને વ્યવસ્થા જાળવતી વિશિષ્ટ પાંખ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની વેરાવળમાં થયેલી એક તાજેતરની કામગીરી હવે ભારે રાજકીય અને સામાજિક વિવાદના વમળમાં ફસાઈ છે. સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ એસ.એમ.સી.ના અધિકારીઓ સામે અત્યંત ગંભીર અને સનસનાટીભર્યા આક્ષેપો કરીને સમગ્ર પોલીસ બેડા સહિત રાજ્ય સરકારને ચોંકાવી દીધી છે. ધારાસભ્યનો આરોપ છે કે પોલીસે સત્તાનો બેફામ દુરુપયોગ કરીને એક નિર્દોષ પરિવારને ઘરમાં જ બંદૂકની અણીએ બંધક બનાવ્યો હતો અને ત્યારબાદ તેમની સામે ખોટી ફરિયાદ ઊભી કરી છે. મળતી વિગતો અનુસાર, તાજેતરમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા વેરાવળમાં એક રહેણાંક મકાન પર દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી અંગે આક્રોશ વ્યક્ત કરતા સ્થાનિક ધારાસભ્ય વિમલ ચુડાસમાએ જણાવ્યું હતું કે, દરોડાના નામે આવેલી પોલીસે ઘરમાં હાજર પરિવારના સભ્યો, જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતા,



તેમને હથિયાર બતાવીને ડરાવ્યા હતા. કલાકો સુધી આખા પરિવારને બંદૂકની અણીએ ગોંધી રાખીને માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો. ધારાસભ્યએ આક્ષેપ કર્યો છે કે આ કોઈ ન્યાયિક તપાસ કે દરોડો નહોતો, પરંતુ સત્તાના જોરે કાયદાના લીરેલીરા ઉડાડતું પોલીસનું દાદાગીરીભર્યું વર્તન હતું.

ધારાસભ્ય વિમલ ચુડાસમાએ વધુમાં આક્ષેપ કર્યો છે કે, ઘરમાંથી કોઈ વાંધાજનક પુરાવા કે ગેરકાયદેસર પ્રવૃત્તિ પકડાયા વિના પણ એસ.એમ.સી.ના અધિકારીઓએ પોતાના રેકોર્ડ અને આંકડા ચમકાવવા માટે પરિવારના સભ્યો સામે બનાવટી અને તદ્દન ખોટી ફરિયાદ નોંધી દીધી છે. કાયદાનું રક્ષણ કરનારી એજન્સી જ જ્યારે કાયદો હાથમાં લઈને નિર્દોષ નાગરિકોને ભયના ઓથાર હેઠળ જીવવા મજબૂર કરે, ત્યારે સામાન્ય જનતા ન્યાય માટે ક્યાં જાય તેવો સણસણતો સવાલ ધારાસભ્યએ મીડિયા સમક્ષ ઉઠાવ્યો છે. આ ગંભીર આક્ષેપો બાદ સ્થાનિક રાજકારણ ગરમાયું છે. ધારાસભ્યે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી છે અને જો જવાબદાર પોલીસ અધિકારીઓ સામે પગલાં લેવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચ સ્તરે આપી હોવાનું જાણવા મળ્યું છે.

# આજે રથયાત્રા; અષાઢી બીજ

**અષાઢી બીજ એટલે જગન્નાથપુરીમાં રથયાત્રાનો ભવ્ય ઉત્સવ. ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી તથા ભાઈ બલભદ્રજી રથમાં બીરાજમાન થઇને વાજતે ગાજતે નગર યાત્રાએ નીકળે છે. આ વર્ષે 149મી રથયાત્રા નીકળશે. અમદાવાદ, રાજકોટ, ભાવનગર તથા અન્ય શહેરોમાં ભગવાન સામે ચાલીને ભક્તોને દર્શન આપવા નીકળે છે. ભક્તો માટે અષાઢી બીજનું મહત્વ અનોખું છે. નગરજનો ભાવપૂર્વક નતમસ્તકે દેવનાં દર્શન કરી અભિવાદન ઝીલે છે. આબાલવૃદ્ધ બધાં ઇશ્વરનો સાક્ષાત્કાર ઝીલવા આતુર રહે છે. રથયાત્રા સમયે ભાવિકોનો અદમ્ય ઉત્સાહ હોય છે. ગજરાજ પણ રથયાત્રામાં સાથે નીકળે છે.**



અષાઢી બીજ એટલે જગન્નાથપુરીમાં રથયાત્રાનો ભવ્ય ઉત્સવ. ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી તથા ભાઈ બલભદ્રજી રથમાં બીરાજમાન થઈને વાજતે ગાજતે નગર યાત્રાએ નીકળે છે. આ વર્ષે ૧૪૯મી રથયાત્રા નીકળશે. અમદાવાદ, રાજકોટ, ભાવનગર તથા અન્ય શહેરોમાં ભગવાન સામે ચાલીને ભક્તોને દર્શન આપવા નીકળે છે. ભક્તો માટે અષાઢી બીજનું મહત્ત્વ અનોખું છે. નગરજનો ભાવપૂર્વક નતમસ્તકે દેવનાં દર્શન કરી અભિવાદન ઝીલે છે. આબાલવૃદ્ધ બધાં ઈશ્વરનો સાક્ષાત્કાર ઝીલવા આતુર રહે છે. રથયાત્રા સમયે ભાવિકોનો અદમ્ય ઉત્સાહ હોય છે. ગજરાજ પણ રથયાત્રામાં સાથે નીકળે છે.

યાત્રા દરમિયાન જાંબુ તથા મગનો પ્રસાદ ગ્રહણ કરીને ભાવિકો ધન્ય બને છે. ભગવાનનો રથ ખેંચનારને નાવિક કહેવાય છે. આ સિવાય ઘણા ભક્તો પણ વારાફરતી દોરડાં ખેંચીને ભગવાનની યાત્રામાં સહભાગી બને છે. એવું કહેવાય છે કે રથ ખેંચનારનાં રથ પણ સ્વયં ભગવાન ચલાવે છે. રથયાત્રાનાં પર્વને આપણે ત્યાં પાવન પર્વ કહ્યું છે. જગન્નાથજીની રથયાત્રા ભક્તોનાં પ્રેમનું પ્રતિબિંબ છે. રથયાત્રાના માર્ગની બન્ને બાજુ ભક્તો કતારમાં ઉભા રહીને પ્રભુનાં દર્શન કરીને ધન્ય બને છે. આ યાત્રામાં વિવિધ ભજન તથા ધુન મંડળીઓ ટ્રકમાં કે ટ્રેકટરમાં બેસીને ધુનની જમાવટ કરે છે. ઈસ્કોન સંસ્થા તરફથી પણ રાજકોટ, અમદાવાદમાં ભવ્ય રથયાત્રા કાઢવામાં આવે છે. જગન્નાથ પુરી મોક્ષ પુરી છે. ચાર ધામમાં તેનો સમાવેશ થાય છે. રથયાત્રા સમયે લાખોની સંખ્યામાં લોકોનાં હૈયે હૈયાં દળાય છે. ભગવાનના રથની સૌ પહેલાં પહીંદ વિધિ થાય છે. મુખ્યમંત્રી રથને સાવરણીથી સાફ કરે છે. ભગવાન પણ મોસાળેથી પાછા આવ્યા બાદ રથમાં આરૂઢ થઈને ભક્તોને મળવા ઉતાવળા થયા હોય છે. ભાઈ તથા બહેનના પવિત્ર સંબંધોની ઝાંખી પણ રથ યાત્રામાં જોવા મળે છે. ભગવાનનો દિવ્ય શણગાર થાય છે અને વિવિધ ભોગ, ફળો, મેવા તથા મિષ્ટાન્ન તથા ખાસ માલપુઆ ધરવામાં આવે છે. રથયાત્રાના દિવ્ય તહેવારની વધાઈ. ભારતીય સંસ્કૃતિ એ ઉત્સવોને પૂજનારી, ઉજવનારી અને આનંદની અનુભૂતિ કરાવતી એક અણમોલ સંસ્કૃતિ છે. ઉત્સવોની ઉજવણી અને આનંદ એ ભારતીય સંસ્કૃતિનો જીવંત પ્રાણ છે. આ ભવ્ય સંસ્કૃતિની ઝાંખી આપણને અષાઢી બીજના પવિત્ર દિવસે દેશભરમાં ભક્તિભાવપૂર્વક નીકળતી ભગવાન જગન્નાથની રથયાત્રામાં જોવા મળે છે. આ પાવન અવસરે ભાવિક ભક્તો ભક્તિરસમાં તરબોળ થઈને અંતરની ભીનાશથી તથા આત્મિક આદરભાવથી આ પુનિત ઉત્સવને ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવે છે, અને દિલથી માણે છે. અષાઢી બીજના પાવન અવસરે ઉજવાતો રથયાત્રાનો મહોત્સવ એ આસ્થા, શ્રદ્ધા, એકતા, સંપ, સંવાદિતા, સમરસતા, ભાઈચારા અને સદભાવના પ્રતીક રૂપ છે.

રથયાત્રા એ માનવતા, સમતા અને ભક્તિનો સમન્વય કરી આધ્યાત્મિક ઉન્નતિનો ઉત્તમ સંદેશ આપતું તથા પરમેશ્વર નજીક લઇ જતું દિવ્ય પર્વ છે. રથયાત્રાનો મુખ્ય મંત્ર 'પ્રભુના દ્વારે સૌ સમાન' એ બાબત માનવ માનવ વચ્ચે ઐક્યભાવ, સમાદર, માનવતા, સમાનતા અને સહઅસ્તિત્વના ઉચ્ચતમ આદર્શને મૂર્તિમંત કરે છે, આ મહોત્સવપ્રેમ, ભક્તિ અને સમર્પણની સુવાસને પ્રસરાવીને લોકહૈયાને એકમેકથી જોડીને સામાજિક એકતા અને સાંસ્કૃતિક ભાઈચારો સર્જે છે, સામાજિક સોહાર્દ પ્રજ્વલિત કરે છે. રથયાત્રા માટે સુંદર રીતે શણગારેલા ત્રણ રથ ભાવભક્તિથી તૈયાર કરવામાં આવે છે.

## તંત્રી લેખ...

## અહંકારની સરહદ અને સંબંધોની સત્યતા

માનવ જીવનમાં લાગણીઓ, વિચારો અને વર્તનની એક આખી સૃષ્ટિ છુપાયેલી છે. આ સૃષ્ટિમાં એક એવું તત્વ છે જે માણસને કાં તો સફળતાના શિખરે પહોંચાડે છે અથવા તો એકલા અટૂલા અંધકારમાં ધકેલી દે છે. એ તત્વ એટલે અહંકાર. તાજેતરમાં જ એક સુંદર અને ગહન વિચાર વહેતો થયો છે કે, અહંકાર તમને સાચવે ત્યાં સુધી વાંધો નહીં, પણ તમે અહંકારને સાચવશો પછી તમને કોઈ નહીં સાચવે. આ નાનકડી પંક્તિમાં જિંદગીનું બહુ મોટું સત્ય છુપાયેલું છે. આજે આપણે આ જ વિષય પર ઊંડાણપૂર્વક મંથન કરીશું.

શરૂઆતમાં એ સમજવું જરૂરી છે કે અહંકાર આપણને કઈ રીતે સાચવે છે? અહીં અહંકારનો અર્થ નકારાત્મક નથી, પણ એક જાગૃતિ અથવા સ્વાભિમાન તરીકે છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાનું આત્મસન્માન જાળવી રાખવા માટે અહંકારનો ઢાલ તરીકે ઉપયોગ કરે છે, ત્યારે તે ખોટી જગ્યાએ નમતું જોખતી નથી. સમાજમાં પોતાનું સ્થાન ટકાવી રાખવા, કોઈના અન્યાયનો ભોગ ન બનવા અને પોતાના સિદ્ધાંતો પર અડગ રહેવા માટે જે આંતરિક મક્કમતા જોઈએ, તે ઘણીવાર આ પ્રકારના સાત્વિક અહંકારમાંથી આવે છે. ત્યાં સુધી બધું બરાબર છે, કારણ કે એ તમારી ગરિમા અને અસ્તિત્વનું રક્ષણ કરે છે. તે તમને લોકોની નજરમાં નબળા પડતા બચાવે છે.

પરંતુ સમસ્યા ત્યાંથી શરૂ થાય છે જ્યારે આ ઢાલ આપણી ઓળખ બની જાય છે. જ્યારે આપણે એ અહંકારને પોષવાનું, તેને સાચવવાનું



અને તેને મોટો કરવાનું શરૂ કરીએ છીએ, ત્યારે પરિસ્થિતિ તદ્દન બદલાઈ જાય છે. અહંકારને સાચવવો એટલે શું? દરેક નાની વાતમાં મારું જ ધાર્યું થવું જોઈએ એવો આગ્રહ રાખવો, પોતાની ભૂલ હોવા છતાં સ્વીકારવાનો ઈનકાર કરવો, બીજા લોકોને પોતાના કરતાં નીચા સમજવા અને સતત એવા ભ્રમમાં જીવવું કે મારા વિના કોઈનું ચાલશે નહીં. જ્યારે માણસ આ સ્થિતિમાં પહોંચે છે, ત્યારે તે અહંકારનો રક્ષક મટીને તેનો ગુલામ બની જાય છે.

જ્યારે તમે અહંકારને સાચવવાનું શરૂ કરો છો, ત્યારે તમે ધીમે ધીમે તમારા અંગત સંબંધો, મિત્રો અને પરિવારથી દૂર થવા લાગો છો. અહંકારી વ્યક્તિ સાથે વાત કરવાનું કે તેની સાથે રહેવાનું કોઈને ગમતું નથી. લોકો વહેવાર સાચવવા ખાતર તમારી હા માં હા મિલાવી શકે છે, પણ મનથી ક્યારેય તમારી નજીક આવતા નથી. સમય જતાં, એક એવો વળાંક આવે છે જ્યાં વ્યક્તિ ભીડમાં પણ સાવ એકલી પડી જાય છે. જિંદગીના કપરા સમયમાં જ્યારે સાચા સાથ અને સહકારની જરૂર હોય છે, ત્યારે અહંકારના ભાર નીચે દબાયેલી વ્યક્તિને કોઈ હાથ પકડવાવાળું મળતું નથી. કારણ કે તમે જે અહંકારને સાચવીને બેઠા હતા, તે અહંકાર મુશ્કેલીના સમયે તમારી પડખે ઊભો રહેવા અસમર્થ હોય છે. કુદરતનો પણ એક નિયમ છે કે જે ઝાડ અક્કડ રહે છે તે વાવાઝોડામાં વહેલું તૂટી જાય છે, અને જે થોડું નમી જાય છે તે લીલુંછમ રહીને બચી જાય છે. આપણો અહંકાર આપણને અક્કડ બનાવે છે, જેના કારણે આપણે બદલાતા સમય, પરિસ્થિતિ અને માણસો સાથે અનુકૂળ થઈ શકતા નથી.

પાક્કો ગુજરાતના વાચકો માટે આ લેખના માધ્યમથી એટલું જ કહેવાનું કે, જિંદગીમાં સ્વાભિમાન ચોક્કસ રાખવું જે આપણને સાચવે અને ગૌરવ અપાવે, પણ અહંકારની એવી દીવાલ ન ચણવી કે જે આપણને જ દુનિયાથી અલગ કરીને કેદ કરી દે. જિંદગીમાં નમ્રતા એ સૌથી મોટું ઘરેણું છે. સંબંધો સાચવવા માટે ક્યારેક થોડું નમી જવામાં કોઈ નાનમ નથી, કારણ કે છેવટે માણસ જ માણસને કામ આવે છે, અહંકાર નહીં. માટે જ, અહંકારને સાચવવાનું છોડીને સંબંધો અને સ્નેહને સાચવવાનું શરૂ કરીએ, જેથી જિંદગીના સફરમાં ક્યારેય કોઈના સાથ વિના એકલા ન પડવું પડે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

## ઇક અરસે બાદ હંસે હૈ હમ... વો ભી અપને હાલ પર! જિંદગીની કરુણતા પર હસવાનું આર્ટ ઓફ લિવિંગ

### જ્યારે આંસુઓ સુકાઈ જાય ત્યારે અટ્ટહાસ્ય જન્મે છે; 'પાક્કો ગુજરાત'ની કલમે દર્દ અને સ્મિત વચ્ચેની ભેદી સરહદની સફર

જિંદગી પણ કેવી અજીબ શતરંજની રમત છે! ક્યારેક આપણને દુનિયાના જોક્સ પર હસવું આવે છે, તો ક્યારેક કોઈની મુશ્કેલી જોઈને સ્મિત આવી જાય છે. પરંતુ, માણસના જીવનની સૌથી ગહન, સૌથી કરુણ અને સૌથી મજબૂત ક્ષણ એ હોય છે જ્યારે એ પોતાની જ બરબાદી, પોતાના જ નસીબ અને પોતાના જ હાલ પર ખડખડાટ હસી પડે છે. હિન્દીના એક અનામી શાયરે આ સનાતન સત્યને બે જ લીટીમાં અદ્ભુત રીતે વણી લીધું છે: ' ... .' આજે 'પાક્કો ગુજરાત'ના આ વિશેષ લેખમાં, ચાલો આ બે લીટી પાછળ છુપાયેલા જીવનના અતિ ગંભીર તત્વજ્ઞાનને સમજવાનો પ્રયત્ન કરીએ.

જ્યારે દર્દની સીમા વટાવી જાય ત્યારે હસવું આવે છે:

માનસશાસ્ત્ર કહે છે કે માણસ ત્યાં સુધી જ રડે છે જ્યાં સુધી તેને આશા હોય છે કે તેના આંસુ જોઈને કોઈ તેને મનાવવા આવશે અથવા પરિસ્થિતિ બદલાશે. પરંતુ જ્યારે મુશ્કેલીઓનો પહાડ એટલો મોટો થઈ જાય કે રડવાનો કોઈ અર્થ ન રહે, ત્યારે અંદરથી બધો જ ડર ગાયબ થઈ જાય છે. વર્ષોથી ભરાઈ રહેલો ડૂમો જ્યારે આંસુ બનીને વહી શકતો નથી, ત્યારે તે હાસ્ય બનીને બહાર આવે છે. પોતાના જ હાલ પર હસવું એ કોઈ ગાંડપણ નથી, પણ આ દુનિયાની મોહમાયા અને પોતાની જ અપેક્ષાઓ પર લાગેલો એક જોરદાર તમાચો છે.

### અપેક્ષાઓનું તૂટવું અને સત્યનો સ્વીકાર:

આપણે જિંદગીમાં કેટલું બધું પ્લાનિંગ કરીએ છીએ! 'હું આમ કરીશ, તેમ કરીશ, દુનિયા જીતી લઈશ...' પણ સમયનો એક જ ઝાટકો આપણા બધા જ કિલ્લાઓને પત્તાની જેમ વિખેરી નાખે છે. જ્યારે માણસ પોતાની જાતને લાચાર જુએ છે, પોતાની ભૂલોની લાંબી યાદી જુએ છે અને નસીબની રમતને સમજે છે, ત્યારે તેને સમજાય છે કે તે જેને ખૂબ ગંભીર માની રહ્યો હતો તે તો માત્ર એક નાટક હતું. આ સત્ય સમજાતાં જ મોં પર જે હાસ્ય આવે છે, તે મુક્તિનું હાસ્ય છે. એ હાસ્ય કહે છે: 'વાહ રે જિંદગી! તે પણ મારી કેવી મજાક બનાવી દીધી!'

### આ હાસ્ય એ હાર નથી, નવી શરૂઆતની નિશાની છે:

જ્યારે કોઈ વ્યક્તિ પોતાના હાલ પર હસી શકે છે, ત્યારે સમજી લેવું કે હવે તેને દુનિયાની કોઈ તાકાત હરાવી કે તોડી શકશે નહીં. કારણ કે જે માણસ પોતાની જાત પર હસતા શીખી ગયો, તેણે પોતાના અહંકારને ઓગાળી નાખ્યો છે. આ સ્થિતિ પર પહોંચ્યા પછી હસવું એ દર્શાવે છે કે હવે હૃદય હળવું થઈ ગયું છે. હવે ભૂતકાળનો કોઈ પસ્તાવો નથી અને ભવિષ્યની કોઈ ચિંતા નથી.

### સંદેશ

જિંદગીના સફરમાં ક્યારેક એવો વળાંક આવે જ્યારે બધું જ અસ્તવ્યસ્ત થઈ ગયું હોય, ત્યારે ખૂણામાં બેસીને રડવા કરતાં અરીસા સામે ઊભા રહીને પોતાની જાત સામે જોઈને એક જોરદાર હાસ્ય વેરજો. એ સ્મિત તમને લડવાની નવી તાકાત આપશે. જિંદગી ગમે તેટલી પથ્થરબાજી કરે, જો તમે તમારા હાલ પર હસી શકવાની હિંમત રાખશો, તો ખુશીઓ પણ એક દિવસ શરમાઈને તમારી પાસે પાછી આવશે.

જિંદગીના આવા જ અનોખા રંગો અને સચોટ વિચારો વાંચવા માટે જોડાયેલા રહો 'પાક્કો ગુજરાત' સાથે.

## અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ એક 'આયોજિત ખેલ'

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એક વખત સંઘર્ષ શરૂ થઈ ગયો છે. બંને દેશોએ એકબીજા ઉપર હવાઈ હુમલા કરવાની સાથે સાથે હોર્મુઝની ખાડીમાં પોતાનું વર્ચસ્વ જમાવવાના પ્રયાસ ફરી શરૂ કરી દીધા છે. ઈરાનને હોર્મુઝની ખાડી કુદરતી રીતે પોતાની પાસે જોઈએ છે જ્યારે અમેરિકા દુનિયાને બચાવવાના નામે હોર્મુઝનો કબજો કરવા ઈચ્છે છે. ઈરાન અહીંયા ટોલ વસુલવા ઈચ્છે છે જેથી દુનિયાભરના જહાજોને સુરક્ષિત રીતે પસાર થવા દે. બીજી તરફ અમેરિકા દુનિયાભરના જહાજોને સુરક્ષિત બહાર કાઢી આપવાની બાંહેધરી આપીને ૨૦ ટકા ટોલ વસુલવાની ફિરાકમાં છે. સીધી રીતે હોર્મુઝ કબજે ન થતાં બંને હવે શિંગડા ભરાવીને સમગ્ર દુનિયાને ભેખડે ભરાવી દીધા છે. બંને દેશોની જીદને પગલે હોર્મુઝ ફરી બંધ થઈ ગઈ છે. તેના પગલે ક્રૂડનો સપ્લાય ફરી ઘટી ગયો છે. તેથી હવે જે સ્થિતિ આવશે તેનાથી સમગ્ર વિશ્વના અર્થતંત્રને વ્યાપક ઝાટકો લાગે તેમ દેખાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક અર્થતંત્રના વહેણને નક્કી કરવામાં જો કોઈ એક વસ્તુ સૌથી મોટો ભાગ ભજવતી હોય, તો તે છે ક્રૂડ ઓઈલ કાચું ક્રૂડ. જેને આજે બ્લેક ગોલ્ડ એટલે કે કાળું સોનું પણ કહેવામાં આવે છે. દુનિયાના ઔદ્યોગિક પૈડાં ચાલતા રાખવા માટે ઓઈલ અનિવાર્ય છે. પરંતુ, શું તમે ક્યારેય વિચાર્યું છે કે જ્યારે પણ ક્રૂડ ઓઈલના ભાવો આંતરરાષ્ટ્રીય બજારમાં ઘટવા લાગે છે, ત્યારે અચાનક જ દુનિયાના કોઈ ખૂણે યુદ્ધ, તણાવ કે ડ્રોન હુમલા કેમ શરૂ થઈ જાય છે? આર્થિક વિશ્લેષકો અને ભૂ-રાજકીય નિષ્ણાતો માને છે કે ક્રૂડ ઓઈલ ઉત્પાદક દેશો વચ્ચે ચાલતા દેખીતા વિવાદો ઘણીવાર વાસ્તવિક હોવા છતાં, તેની પાછળ ઓઈલના ભાવ ઊંચા રાખવાનું એક મોટું ગણિત છુપાયેલું હોય છે. વૈશ્વિક સ્તરે અમેરિકા અને ઈરાન તથા રશિયા અને યૂક્રેન કે પછી અન્ય ઓઈલ ઉત્પાદક દેશો વચ્ચે ચાલતા પ્રોક્સી યુદ્ધો પાછળ આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવો આર્ટિફિશિયલ રીતે વધારવાનો કે નિયંત્રણમાં રાખવાનો એક આયોજિત આર્થિક વ્યૂહ હોવાની આશંકાઓને નકારી શકાય નહીં.



# ઝાલોદ વિશ્વકર્મા મંદિરે ભક્તિ, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો ત્રિવેણી સંગમ..!

**■ બાંસવાડાથી આવેલા મહિલા મંડળના ભજન-ગરબા, દર અમાવાસ્યાની પરંપરાગત આરતી અને ધર્મ-સંસ્કૃતિ વિષયક વિશેષ પ્રવચનથી મંદિર ભક્તિમય બન્યું**

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ સ્થિત શ્રી વિશ્વકર્મા મંદિરે મંગળવારે ભક્તિ, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. એક જ દિવસમાં ત્રણ ધાર્મિક કાર્યક્રમો યોજાતા સમગ્ર મંદિર પરિસર શ્રદ્ધાળુઓથી ઉભરાઈ ગયું હતું. રાજસ્થાનના બાંસવાડાથી આવેલા પંચાલ સમાજ મહિલા મંડળના ભજન-ગરબાના કાર્યક્રમથી શરૂઆત થઈ હતી. ત્યારબાદ પંચાલ સમાજ દ્વારા દર અમાવાસ્યાએ યોજાતી પરંપરાગત શ્રી વિશ્વકર્મા દાદાની આરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે રાત્રે ધર્મ, સંસ્કૃતિ અને સંસ્કાર વિષયક વિશેષ પ્રવચન યોજાઈ સમાજજનોને વૈદિક



પરંપરા અને સમાજના મૂલ્યો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાજસ્થાનના બાંસવાડાથી આવેલા પંચાલ સમાજ મહિલા મંડળ દ્વારા ઝાલોદના શ્રી વિશ્વકર્મા મંદિરે ભજન અને પરંપરાગત ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓએ ભગવાન વિશ્વકર્માની ભક્તિમાં લીન થઈ ભજન-કીર્તન અને ગરબાની રમઝટ બોલાવી હતી. કાર્યક્રમના અંતે શ્રી વિશ્વકર્મા દાદાની આરતી ઉતારી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી પંચાલ યુવક મંડળ, પંચાલ મહિલા મંડળ અને વિશ્વકર્મા મંદિર કારોબારી સમિતિએ નોંધપાત્ર સહયોગ આપ્યો હતો.

શ્રી વિશ્વકર્મા મંદિરે પંચાલ સમાજ દ્વારા દર અમાવાસ્યાએ નિયમિત રીતે શ્રી વિશ્વકર્મા દાદાની વિશેષ આરતીનું આયોજન કરવામાં આવે છે, જે વર્ષોથી ચાલી આવતી ધાર્મિક પરંપરા બની ગઈ છે. આ પરંપરાને અનુસરી આ અમાવાસ્યાએ પણ સાંજે ભક્તિભાવ સાથે વિશેષ આરતી યોજાઈ હતી. પંચાલ સમાજના ભાઈ-બહેનો અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન વિશ્વકર્માના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આરતી બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સહપરિવાર મોટી સંખ્યામાં સમાજજનોએ પ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર મંદિર પરિસર ભજન, આરતી અને જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

શ્રી વિશ્વકર્મા મંદિરના સુવર્ણ મહોત્સવ-૨૦૨૭ નિમિત્તે રાત્રે ધર્મ, સંસ્કૃતિ અને સંસ્કાર વિષયક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય ડૉ. બાલકૃષ્ણ દવેએ વેદો, શાસ્ત્રો, યજ્ઞ, મંત્ર, ભગવાન વિશ્વકર્માનો મહિમા તેમજ આધુનિક વિજ્ઞાન સાથેના તેમના સંબંધ અંગે વિસ્તૃત અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે શિલ્પ અને વાસ્તુના જ્ઞાતા વીરેન્દ્રકુમાર એફ. પંચાલે સમાજના સંગઠન, સમાજ પ્રત્યેની જવાબદારી અને પંચાલ સમાજના યોગદાન અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

# રૂપાખેડામાં SOGનો મોટો દરોડો : 7.3 કિલો ગાંજા સાથે ખેડૂત ઝડપાયો

**લીમડી તાલુકાના ઘાટી ફળિયામાં કાર્યવાહી, રૂ. 3.69 લાખનો મુદ્દામાલ જપ્ત; NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો**

લીમડી/દાહોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લા એસ.ઓ.જી. શાખાએ ગોવિંદગુરુ લીમડી તાલુકાના રૂપાખેડા ગામે દરોડો પાડી એક વ્યક્તિના મકાનમાંથી આશરે 7.380 કિલોગ્રામ ગાંજો ઝડપી પાડ્યો છે. પોલીસે જપ્ત કરેલા ગાંજાની અંદાજિત કિંમત રૂ. 3.69 લાખ હોવાનું જણાવ્યું છે. આરોપી સામે NDPS એક્ટની કલમ 8(સી) તથા 20(બી)(II)(બી) હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે રૂપાખેડા ગામના ઘાટી ફળિયામાં રહેતા વિરસિંગભાઈ દિતાભાઈ ભુરીયા પોતાના કબજાના મકાનમાં



ગેરકાયદેસર રીતે વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો સંગ્રહ કરી રાખ્યો છે. બાતમીના આધારે પોલીસ સબ ઈન્સ્પેક્ટર શિવપ્રસાદ ઉમિયાશંકર જોષીના માર્ગદર્શન હેઠળ સરકારી પંચોની હાજરીમાં રેઈડ ગોઠવવામાં આવી હતી.

દરોડા દરમિયાન મકાનમાંથી સુકા લીલા રંગના પાન અને બીજવાળો શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. સ્થળ પર હાજર એફ.એસ.એલ. અધિકારીએ નાર્કોટિક્સ ટેસ્ટિંગ કિટ દ્વારા પ્રાથમિક પરીક્ષણ કરતાં તેમાં *મારીજુઆના (ગાંજો)*ના તત્ત્વોની હાજરી હોવાનું સકારાત્મક પરિણામ મળ્યું હતું.

ઈલેક્ટ્રોનિક વજન કાંટા દ્વારા કરાયેલા વજનમાં પ્લાસ્ટિકની થેલીનું વજન બાદ કરતાં 7.380 કિલોગ્રામ ગાંજો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ગાંજાને કાયદેસરની પ્રક્રિયા મુજબ સીલ કરી જપ્ત કર્યો હતો.

**ડભોઇના મોટા હબીપુરામાં MGVCLની ઘોર બેદરકારી**

# બસ સ્ટેન્ડ બન્યું 'ડેથ ટ્રેપ' : મુસાફરો-વિદ્યાર્થીઓના જીવ અધ્ધર

ડભોઇ

ચોમાસાની ઋતુની શરૂઆત થતાં જ એકતરફ સરકારી તંત્ર કાગળ પર પ્રી-મોન્સૂન કામગીરીના મસમોટા દાવા કરે છે, ત્યારે બીજી તરફ જમીની હકીકત કંઈક અલગ જ ભયાનક ચિત્ર રજૂ કરે છે. ડભોઇ તાલુકાના મોટા હબીપુરા ગામે મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ (MGVCL)ની એવી ઘોર બેદરકારી સામે આવી છે, જે ગમે ત્યારે કોઈ નિર્દોષનો ભોગ લઈ શકે છે. ગામના મુખ્ય બસ ડેપોની બિલકુલ બાજુમાં આવેલું મોટું વીજ



ટ્રાન્સફોર્મર (ડીપી) હાલમાં સ્થાનિકો અને મુસાફરો માટે સાક્ષાત યમરાજનું ઘર બની ગયું છે. મોટા હબીપુરા બસ સ્ટેશન પાસે આવેલા આ ટ્રાન્સફોર્મરની પેટીઓ લાંબા સમયથી સદંતર ખુલ્લી હાલતમાં ધૂળ ખાઈ રહી છે. એટલું જ નહીં, તેની આસપાસ મોટી ઝાડી-ઝાંખરા અને કચરો ઊગી નીકળ્યા છે જેના કારણે અંદરના લાઈવ વીજ વાયરો સામાન્ય નજરે દેખાતા પણ નથી. હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે અને સતત વરસાદ પડી રહ્યો છે, ત્યારે ભેજ અને પાણીના કારણે આ ખુલ્લા વાયરોમાંથી ગમે ત્યારે આખા બસ સ્ટેન્ડ વિસ્તારમાં મોટો વીજ કરંટ ઊતરે તેવી પૂરેપૂરી સંભાવના છે. આ ખુલ્લા વાયરોને લીધે અહીંથી પસાર થવું પણ મોતના કૂવામાં ઊતરવા સમાન બની ગયું છે. નોંધનીય છે કે, આ બસ ડેપો ખાતેથી ગામના સેંકડો લોકો રોજિંદી રોજીરોટી માટે અવરજવર કરે છે. આ ઉપરાંત, આસપાસની સ્કૂલો, હાઈસ્કૂલ અને કોલેજમાં જતા નિર્દોષ વિદ્યાર્થીઓ પણ બસની રાહ જોઈને આ જ જોખમી ટ્રાન્સફોર્મરની આસપાસ ઊભા રહે છે. ચોમાસાના માહોલમાં વિદ્યાર્થીઓ અને મુસાફરો સતત જીવ હથેળીમાં મૂકીને અહીં ઊભા રહેવા મજબૂર બન્યા છે.

**ખેડાના આમસરણમાં કાળજું કંપાવનારી ઘટના**

# જીઈબી (GEB) અને કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીએ લીધો 11 વર્ષના માસૂમનો જીવ!

ખેડા

શું સરકારી તંત્ર અને કામ કરતા કોન્ટ્રાક્ટરો માટે નિર્દોષ નાગરિકોના જીવની કોઈ કિંમત જ નથી રહી? આવી જ એક હૃદય કંપાવી દેતી અને બેદરકારીની પરાકાષ્ઠા સમાન ઘટના ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના આમસરણ ગામેથી સામે આવી છે. અહીં વહીવટી તંત્ર અને લાઇનમેનની ગંભીર બેદરકારીના કારણે ધોરણ-૬માં અભ્યાસ કરતા એક ૧૧ વર્ષના માસૂમ બાળકને પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. રસ્તા પરથી પસાર થઈ રહેલા આશાસ્પદ બાળક પર મોત બનીને તૂટી પડેલા વીજ પોલે આખા ગામમાં અરેરાટી સાથે ભારે આક્રોશ જગાવ્યો છે. મળતી વિગતો મુજબ, આમસરણ ગામમાં હાઈટેન્શન વીજ લાઈનની નજીક આવેલા ઝાડની ડાળીઓ કાપવાની કામગીરી ચાલી રહી હતી. કોઈપણ પ્રકારની પૂર્વ તૈયારી કે પૂરતી સુરક્ષા રાખ્યા વિના ચાલુ કરવામાં આવેલી આ કામગીરી દરમિયાન, કાપેલી એક ભારેખમ ડાળી સીધી ચાલુ વીજ લાઈન પર પડી હતી. ડાળીના વજન અને દબાણના કારણે આખો વીજ પોલ (થાંભલો) મૂળમાંથી ઉખડીને રસ્તા પર ધરાશાયી થયો હતો. કમનસીબે, બરાબર એ જ સમયે ત્યાંથી ધોરણ-૬માં અભ્યાસ કરતો ૧૧ વર્ષીય માસૂમ ક્રિષ્ના યાદવ પસાર થઈ રહ્યો હતો.



# ઝાલોદમાં 92.36 લાખના વિદેશી દારૂનો જથ્થો કોર્ટના હુકમથી નાશ

**રાજપુરની સરકારી પડતર જમીનમાં પ્રાંત અધિકારી એ.કે. ભાટીયાની અધ્યક્ષતામાં કાર્યવાહી, નાયબ પોલીસ અધિક્ષક ડી.આર. પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ ડિવિઝનના ઝાલોદ, લીમડી અને ચાકલીયા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2025-26 દરમિયાન વિવિધ પ્રોહિબિશન ગુનાઓમાં જપ્ત કરવામાં આવેલા ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરના મુદ્દામાલનો એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ઝાલોદના હુકમના આધારે બુધવારે ઝાલોદ નગરના રાજપુર મુકામે આવેલી સરકારી પડતર જમીનમાં કાયદેસરની રીતે નાશ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યવાહી દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો તેમજ ડ્રોન કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી હતી.

કોર્ટની મંજૂરી બાદ પ્રાંત અધિકારી એ.કે. ભાટીયાની



અધ્યક્ષતામાં રચાયેલી કમિટીની હાજરીમાં મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં નાયબ પોલીસ અધિક્ષક ડી.આર. પટેલ, નશાબંધી અધિકારી ડી.એન. પારગી, ઝાલોદના પી.આઈ. આર.જે. ગામીત, લીમડીના પી.આઈ. વી.પી. પટેલ, ચાકલીયાના પી.આઈ. એસ.આર. પટેલ સહિત પોલીસ વિભાગના અધિકારીઓ અને કમિટીના સભ્યો હાજર રહ્યા હતા. નાશ કરાયેલા મુદ્દામાલમાં કુલ 53,245 બોટલો અને બીયરના ટીનનો સમાવેશ થાય છે, જેની અંદાજિત કિંમત રૂ. 92,36,737 થાય છે. અલગ-અલગ પોલીસ સ્ટેશનમાંથી મુદ્દામાલને સ્થળ પર લાવવામાં આવ્યો હતો.

# છોટાઉદેપુર સ્ટેટ હાઈવે 62 પર બ્રિજના સળિયા બહાર આવ્યા, ચોમાસા પહેલા મોટી હોનારતની આશંકા!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર સ્ટેટ હાઈવે 62 પર તંત્રની ભયાનક બેદરકારી સામે આવી છે, જે ગમે ત્યારે મોટી હોનારતને આમંત્રણ આપી શકે છે. છોટાઉદેપુરથી દેવગઢ બારીયાને જોડતો આ મુખ્ય માર્ગ અત્યારે વાહનચાલકો માટે મોતના કૂવા સમાન બની ગયો છે. નગરની મધ્યમાંથી પસાર થતા આ બ્રિજ પર એક એવડો મોટો ખાડો પડ્યો છે કે જેમાંથી બ્રિજના લોખંડના સળિયા બહાર આવી ગયા છે. આ કોઈ સામાન્ય ખાડો નથી, પણ તંત્રના પાપે પ્રજાના માથે તોળાતું મોટું સંકટ છે. રોજ અહીંથી હજારો વાહનો પસાર થાય છે, જીવના જોખમે ડ્રાઈવિંગ કરવું પડે છે અને દર મિનિટે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. નવાઈની વાત તો એ છે કે સળિયા દેખાઈ ગયા હોવા છતાં



જવાબદારોની આંખ ખૂલતી નથી અને રિપેરિંગના નામે મીંડું જોવા મળી રહ્યું છે. હવે ચોમાસું માથે ગાજી રહ્યું છે. જો ધોધમાર વરસાદ તૂટી પડશે, તો આ ખાડો વધારે ઊંડો થશે, બ્રિજનું માળખું નબળું પડશે અને કોઈ વાહનચાલક એનો ભોગ બનશે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે જો કોઈ મોટી દુર્ઘટના ઘટશે અને કોઈનો જીવ જશે, તો એનો જવાબદાર કોણ? શું તંત્ર કોઈના મોતની રાહ જોઈ રહ્યું છે? જનતાના ટેક્સના પૈસા ક્યાં વપરાય છે? પ્રજા અત્યારે લાચાર બનીને પૂછી રહી છે કે આ કુંભકર્ણ નિદ્રામાં પોઢેલું તંત્ર ક્યારે જાગશે?

**શાંતિ સમિતિની બેઠકમાં નાયબ પોલીસ અધિક્ષકની અપીલ**

# ઝાલોદમાં ભગવાન જગન્નાથજીની નવમી રથયાત્રા માટે પોલીસ તંત્ર સજ્જ

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ નગરમાં તા. 16 જુલાઈના રોજ યોજાનારી ભગવાન જગન્નાથજીની નવમી ભવ્ય રથયાત્રાને અનુલક્ષીને. નાયબ પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ સમાજોના આગેવાનો, વેપારીઓ, ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાયબ પોલીસ અધિક્ષકે ઉપસ્થિત સૌને ભગવાન જગન્નાથજીની રથયાત્રાની શુભેચ્છાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે રથયાત્રા શાંતિ, સૌહાર્દ અને ભક્તિભાવ સાથે સંપન્ન થાય તે માટે દરેક નાગરિકે પોલીસ તંત્રને સહયોગ આપવો જરૂરી છે. તેમણે ખાસ કરીને સોશિયલ મીડિયામાં ફેલાતી અફવાઓથી સાવચેત રહેવા, કોઈપણ પ્રકારની ભ્રામક કે ઉશ્કેરણીજનક પોસ્ટ શેર ન કરવા અને શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવાની અપીલ કરી હતી. ઝાલોદ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર રવિ ગામીત દ્વારા રથયાત્રા માટે કરવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સમગ્ર યાત્રા માર્ગ પર પૂરતા પ્રમાણમાં પોલીસ, મહિલા પોલીસ, હોમગાર્ડ અને એસ.આર.પી.ના જવાનો તૈનાત રહેશે. નગરના વિવિધ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ માટે પોલીસ વાન ફરતી રહેશે અને સંવેદનશીલ સ્થળો પર વિશેષ નજર રાખવામાં આવશે.

રથયાત્રા દરમિયાન સમગ્ર રૂટ પર ડ્રોન કેમેરા દ્વારા હવાઈ દેખરેખ રાખવામાં આવશે, જ્યારે મેદાનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ બોડીવોર્ન કેમેરા સાથે કામગીરી કરશે. આ આધુનિક વ્યવસ્થાથી સમગ્ર રથયાત્રા પર સતત નજર રાખી સુરક્ષા વધુ મજબૂત બનાવવામાં આવશે. ટ્રાફિક વ્યવસ્થાને સુચારૂ રાખવા માટે રથયાત્રાના રૂટ પર વિવિધ સ્થળોએ રૂટ ડાયવર્ઝન કરવામાં આવ્યું છે. વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અને પોલીસ દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા ઝાલોદની આસ્થા અને સૌહાર્દનું પ્રતિક છે. તમામ નાગરિકોને વિનંતી છે કે કોઈપણ અફવા પર વિશ્વાસ ન કરે, સોશિયલ મીડિયા પર જવાબદારીપૂર્વક વર્તે અને પોલીસને સંપૂર્ણ સહયોગ આપે.

**લીમડી નજીક કરંબા રોડ પર એલસીબીનો જુગાર પર દરોડો**

# વરલી-મટકાનો જુગાર રમાડતા બે શખ્સ ઝડપાયા : રૂપિયા 18,050નો મુદ્દામાલ જપ્ત

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ની ટીમે ગોવિંદગુરૂ લીમડી તાલુકાના કરંબા રોડ નજીક માળીઓની વાડીઓ વિસ્તારમાં ખુલ્લા ખેતરમાં ચાલી રહેલા વરલી-મટકાના જુગાર પર દરોડો પાડી બે શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, બે મોબાઈલ ફોન તેમજ જુગારના આંકડા લખેલી ડાયરી અને ચિઠ્ઠીઓ સહિત કુલ રૂ. 18,050નો મુદ્દામાલ કબજે કરી બંને સામે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, એલસીબીની ટીમ પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમીના આધારે કરંબા રોડ નજીક માળીઓની વાડીઓમાં પહોંચતા ઝાડ નીચે બે વ્યક્તિઓ વરલી-મટકાના આંકડા લખી જુગાર રમાડતા જોવા મળ્યા હતા.

પંચોની હાજરીમાં બંનેને ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પકડાયેલા આરોપીઓમાં નાગેશકુમાર કમલકાંત સાધુ (ઉં.વ. 46), રહે. કુંભારવાસ, લીમડી અને રમણભાઈ હીરાભાઈ સોલંકી (ઉં.વ. 65), રહે. કરંબા રોડ, લીમડીનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન નાગેશકુમાર પાસેથી રૂ. 1,000 રોકડા, એક ઓપો કંપનીનો મોબાઈલ ફોન તથા જુગારના આંકડા લખેલી ચિઠ્ઠી મળી આવી હતી. જ્યારે રમણભાઈ પાસેથી રૂ. 7,050 રોકડા, એક ઓપો મોબાઈલ ફોન, વરલી-મટકાના આંકડા નોંધેલી પોકેટ ડાયરી અને બોલપેન મળી આવ્યા હતા. પોલીસે બંને આરોપીઓ પાસેથી કુલ રૂ. 8,050 રોકડા, રૂ. 10,000 કિંમતના બે મોબાઈલ ફોન, તેમજ જુગારના સાધનો સહિત કુલ રૂ. 18,050નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમગ્ર કાર્યવાહી એલસીબીના અધિકારીઓ અને સ્ટાફ દ્વારા પંચોની હાજરીમાં હાથ ધરવામાં આવી હતી.

# વિરમગામ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં 45 વર્ષીય મહિલીની જટિલ ગર્ભાશય સર્જરી સફળ

**■ ગાયનેકોલોજિસ્ટ ડૉ. અદિતિ પાઠક અને તબીબી ટીમે અત્યંત કુશળતા અને સફળતાપૂર્વક ગર્ભાશય કાઢવાની જટિલ સર્જરી પૂર્ણ કરી**

વિરમગામ, (વંદના નીલકંઠ વાસુકિયા)

અમદાવાદ જીલ્લાના વિરમગામ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડો. કૌશલ ઓઝાના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ હોસ્પિટલના ગાયનેકોલોજી વિભાગ દ્વારા એક ૪૫ વર્ષીય મહિલા દર્દીની જટિલ ગર્ભાશયની સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી છે. માહિતી મુજબ, છેલ્લા ૧૦થી ૧૧ મહિનાથી દર્દી પેટના નીચેના ભાગમાં અસહ્ય દુખાવો તેમજ અત્યંત ભારે માસિક સ્ત્રાવ (હેવી બ્લીડિંગ)ની ગંભીર સમસ્યાથી પીડાઈ રહ્યા હતા. અગાઉ વિવિધ પ્રકારની દવાઓ અને સારવાર લીધા છતાં તેમને કોઈ ખાસ રાહત મળી નહોતી. હોસ્પિટલમાં કરાયેલા અલ્ટ્રાસાઉન્ડ (USG) તપાસમાં દર્દીના ગર્ભાશયની બંને દિવાલોમાં અનેક ગાંઠો (Multiple Fibroids) હોવાનું સામે આવ્યું હતું, જેમાં સૌથી મોટી ગાંઠનું કદ આશરે ૮ x ૫ x ૬ સેન્ટીમીટર હતું. દર્દીની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગાયનેકોલોજિસ્ટ ડૉ. અદિતિ પાઠક અને તબીબી ટીમે અત્યંત કુશળતા અને સફળતાપૂર્વક ટોટલ એબ્ડોમિનલ હિસ્ટરેક્ટોમિ (Total Abdominal Hysterectomy) એટલે કે ગર્ભાશય કાઢવાની જટિલ સર્જરી પૂર્ણ કરી હતી. સર્જરી સફળ રહેતા દર્દીને લાંબા સમયથી ચાલી રહેલી પીડા અને ભારે બ્લીડિંગની સમસ્યામાંથી કાયમી રાહત મળી છે. હાલ દર્દીની તબિયત સ્થિર અને સારી હોવાનું હોસ્પિટલ દ્વારા જણાવાયું છે. સરકારી હોસ્પિટલમાં આવી જટિલ સર્જરી સંપૂર્ણપણે નિઃશુલ્ક અને સફળતાપૂર્વક થતાં દર્દી તથા તેમના પરિવારજનોએ ડૉક્ટરો અને સમગ્ર હોસ્પિટલ સ્ટાફનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



### ફોટોગ્રાફર્સ સતત તેનો વીડિયો બનાવવા લાગ્યા, આનાથી ગુસ્સે થઈ

# ઝરીન બાદ હવે પાપારાઝી પર ગુસ્સે થઈ અભિનેત્રી મૌની રોય

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ મૌની રોય મંગળવારે રાત્રે પાપારાઝીથી નારાજ થઈ ગઈ. મુંબઈમાં મિત્રો સાથે ડિનર કર્યા પછી જ્યારે તે પોતાની કારમાં બેઠી, ત્યારે ફોટોગ્રાફર્સ સતત તેનો વીડિયો બનાવવા લાગ્યા. આનાથી ગુસ્સે થઈને મૌનીએ હાથના ઈશારાથી કેમેરા બંધ કરવાનું કહ્યું.

વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે મૌની રોય પોતાની કારની સીટ પર બેઠી છે. તેણે સ્લીવલેસ બ્લેક આઉટફિટ પહેર્યો છે અને વાળ ખુલ્લા રાખ્યા છે. કારની અંદર બેઠા હોવા છતાં પણ જ્યારે ફોટોગ્રાફર્સ બારીમાંથી સતત તેનો વીડિયો રેકોર્ડ કરતા રહ્યા, ત્યારે મૌનીનો ગુસ્સો વધી ગયો.

તેણે પહેલા હાથથી ઈશારો કર્યો અને પછી આંગળી બતાવતા કડક અવાજમાં કહ્યું, 'બંધ કરો.' મૌનીએ ઘણું ધૈર્ય રાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ પાપારાઝી ન માનતા તે નારાજ થઈ ગઈ અને પછી તેની ગાડી ત્યાંથી રવાના થઈ ગઈ. આ પહેલાં અભિનેત્રી ઝરીન ખાન પણ પાપારાઝી પર ખૂબ ગુસ્સે થઈ ગઈ હતી. એક બ્રાન્ડ ઈવેન્ટ દરમિયાન ઝરીને પાપારાઝીને ઠપકો આપતા કહ્યું કે મારી સાથે ફાલતુગીરીની વાતો ન કરતા. તેણે કડક શબ્દોમાં સામેવાળાને પોતાની હદમાં રહેવાની સલાહ આપી.

ઝરીન ખાન મુંબઈમાં એક ક્લોથિંગ બ્રાન્ડના પ્રમોશન ઈવેન્ટમાં પહોંચી હતી. તે લીલા કલરના ડ્રેસ પહેરીને મીડિયાના કેમેરા સામે ડેનિમ જેકેટ અને જીન્સ પ્રદર્શિત કરી રહી હતી. આ દરમિયાન ત્યાં હાજર પાપારાઝીએ તેને કહ્યું કે ડ્રેસ ટ્રાય કરીને બતાવો. એક્ટ્રેસને આ વાત બિલકુલ પસંદ ન આવી. ઝરીન ખાને કહ્યું, 'મારી સાથે ફાલતુ વાતો ન કરતાં, કારણ કે હું આવી વસ્તુઓ સહન કરનારાઓમાંની નથી. પોતાની હદમાં રહીને વાત કરવી.' આ વાત કહેતા ઝરીનના ચહેરા પર સ્પષ્ટપણે ગુસ્સો જોઈ શકાય છે. આ પહેલા ગોલ્ડ સ્ટ્રીમિંગ એવોર્ડ સેરેમનીમાં નેહા ધૂપિયા પાપારાઝી પર ભડકી ગઈ હતી. એક્ટ્રેસ બેક શોટ લેવા અને તેને પોસ્ટ કરવા પર નારાજગી વ્યક્ત કરી અને પાપારાઝીને કડક શબ્દોમાં ચેતવણી પણ આપી. સેરેમનીમાંથી નેહા ધૂપિયા એવોર્ડ લઈને નીકળી રહી હતી. ત્યારે પાપારાઝીએ તેના ગ્રે હેર પર કોમેન્ટ કરી, જેના જવાબમાં ગુસ્સે થતા તેણે કહ્યું છે.

**પાપારાઝી ન માનતા તે નારાજ થઈ ગઈ અને પછી તેની ગાડી ત્યાંથી રવાના થઈ ગઈ**

# ક્રિતી સેનન રૂમર્ડ બોયફ્રેન્ડ સાથે મેચ જોવા પહોંચી

## કબીર બહિયા સાથેના સ્ટેડિયમના ફોટો વાઈરલ; લાંબા સમયથી ડેટિંગની ચર્ચા

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ ક્રિતી સેનન મંગળવારે ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પ્રથમ વનડે મેચ જોવા પહોંચી હતી. આ દરમિયાન તેની સાથે તેમના રૂમર્ડ બોયફ્રેન્ડ અને બિઝનેસમેન કબીર બહિયા પણ હાજર હતો. બંનેને સ્ટેડિયમના સ્ટેન્ડ્સમાં એકસાથે મેચનો આનંદ માણતા જોવામાં મળ્યા. ક્રિતી અને કબીર બહિયાએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર સ્ટેડિયમની કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં બંને એક મિત્ર સાથે પોઝ આપતા જોવા મળી રહ્યા છે. આ તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહી છે, જેના કારણે બંનેના રિલેશનશિપની ચર્ચા ફરી એકવાર તેજ બની ગઈ છે. કબીર બહિયાએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ દ્વારા ચાહકોને આ આઉટિંગની ઝલક બતાવી. તેણે સ્ટેડિયમમાંથી કેટલીક તસવીરો શેર કરી, જેમાં ક્રિતી સેનન, કબીર અને તેનો એક મિત્ર એકસાથે જોવા મળી રહ્યા છે. કબીરે ફોટો શેર કર્યાના થોડા જ સમય પછી, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પણ એજબેસ્ટન સ્ટેડિયમના સ્ટેન્ડ્સમાંથી ક્રિતીની ઘણી તસવીરો સામે આવી. મેચ દરમિયાન ક્રિતી સેનન ખૂબ ખુશ દેખાઈ રહી હતી અને તે ટીમ ઈન્ડિયાને ચીયર કરી રહી હતી. ક્રિતી સેનન અને કબીર બહિયાના રિલેશનશિપના સમાચાર કેટલાક મહિના પહેલા ત્યારે શરૂ થયા હતા, જ્યારે એક્ટ્રેસે પોતાનો 34મો જન્મદિવસ ઉજવ્યો હતો. ત્યારથી તેના રોમાન્સના સમાચાર સતત મીડિયામાં છવાયેલો છે. બંનેને અનેક પ્રસંગોએ એકસાથે જોવામાં આવ્યા છે, જોકે બંને તરફથી સંબંધોને લઈને કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.



# બોક્સ ઓફિસ પર 'ધમાલ 4'નો દબદબો, કમાણીમાં મોટો ઉછાળો

## ભારતીય નેટ કલેક્શન 83.25 કરોડ રૂપિયા અને ગ્રોસ કલેક્શન 99.44 કરોડ રૂપિયા પર પહોંચી ગયું

મુંબઈ

બોલિવુડ સુપરસ્ટાર અજય દેવગન સ્ટારર મલ્ટિસ્ટારર કોમેડી ફિલ્મ 'ધમાલ 4' બોક્સ ઓફિસ પર અટકવાનું નામ નથી લઈ રહી. વીકએન્ડ બાદ વર્કિંગ ડેઝ શરૂ થવા છતાં આ ફિલ્મની કમાણીમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. રિલીઝના પાંચમા દિવસે આ ફિલ્મે સોમવાર કરતાં પણ વધુ કમાણી કરીને ટ્રેડ એનાલિસ્ટ્સને ચોંકાવી દીધા છે. મંગળવારે વર્કિંગ ડે હોવાના કારણે ટિકિટના દરો ઓછા હતા, જેનો સીધો ફાયદો ફિલ્મને મળ્યો અને સિનેમાઘરોમાં પ્રેક્ષકોની ભારે ભીડ જોવા મળી હતી. કમાણીની વાત કરવામાં આવે તો, 'ધમાલ 4' એ તેના પાંચમા દિવસે ભારતમાં 9.50 કરોડ રૂપિયાનું શાનદાર નેટ કલેક્શન કર્યું છે. આ સાથે જ ફિલ્મનું કુલ ભારતીય નેટ કલેક્શન 83.25 કરોડ રૂપિયા અને ગ્રોસ કલેક્શન 99.44 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. ટ્રેડ નિષ્ણાતોના મતે, આ ફિલ્મ આગામી 24 કલાકમાં જ ઘરેલું બોક્સ ઓફિસ પર 100 કરોડનો આંકડો વટાવી જશે. વર્લ્ડવાઈડ કલેક્શન 115 કરોડને પાર ભારતની સાથે-સાથે વિદેશમાં પણ આ કોમેડી ફિલ્મને દર્શકો ભરપૂર પ્રેમ આપી રહ્યા છે. ઓવરસીઝ માર્કેટમાં ફિલ્મે મંગળવારે 1.50 કરોડ રૂપિયાની કમાણી કરી છે, જેથી ફિલ્મનું કુલ વિદેશી ગ્રોસ કલેક્શન 16 કરોડ રૂપિયા થઈ ગયું છે. ભારત અને વિદેશની કમાણી મળીને 'ધમાલ 4' નું કુલ વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન હવે 115.44 કરોડ રૂપિયાના આંકડાને સ્પર્શી ગયું છે. નાઈટ શોમાં દર્શકોનો ભારે ધસારો મંગળવારે ફિલ્મના 2D શોમાં સરેરાશ 20.78% ઓક્યુપન્સી જોવા મળી હતી. દિવસ દરમિયાન અલગ-અલગ સમયે દર્શકોની સંખ્યા આ મુજબ બદલાતી રહી. વિગતે વાત કરવામાં આવે તો મોર્નિંગ શોમાં 9.31% ઓક્યુપન્સી, બપોરના શોઝમાં 19.69% ઓક્યુપન્સી, સાંજના શોમાં 22.46% ઓક્યુપન્સી અને નાઈટ શોમાં 29.31% ઓક્યુપન્સી રહી હતી. એટલે કે, રાત્રિના સમયે સૌથી વધુ લોકો આ ફિલ્મ જોવા માટે પહોંચ્યાં હતાં. આગામી સેકન્ડ વીકએન્ડમાં પણ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નવા રેકોર્ડ સર્જવા માટે તૈયાર હોય તેવું લાગી રહ્યું છે.






# રાણીની ત્રણ દાયકાની ફિલ્મી સફર બાદ મળ્યું ઓસ્ટ્રેલિયામાંથી સર્વોચ્ચ સન્માન

## ઓસ્ટ્રેલિયાની લા ટ્રોબ યુનિવર્સિટી તેને ડૉક્ટર ઓફ લેટર્સ તરીકેની ડિગ્રી આપશે

મુંબઈ

બોલિવૂડની જાણીતી એક્ટ્રેસ રાણી મુખર્જીએ સિને ઈન્ડસ્ટ્રીમાં આપેલા યોગદાનને કોઈ ભૂલી નહીં શકે, એકથી એક ચડિયાતી ફિલ્મ અને ફિલ્મ સિક્વન્સમાં કામ કરીને માઈલસ્ટોન કહી શકાય એવા પાત્રો રજૂ કર્યા છે. હવે એમના ફિલ્મ કેરિયરની નોંધ લઈને વધુ એક સિદ્ધિ એક્ટ્રેસના જીવનમાં ઉમેરાઈ ગઈ છે. રાણી મુખરજીને માનદ ડૉક્ટરની ઉપાધીથી સન્માનિત કરવામાં આવી છે.ઓસ્ટ્રેલિયાની લા ટ્રોબ યુનિવર્સિટી તેને ડૉક્ટર ઓફ લેટર્સ તરીકેની ડિગ્રી આપશે. ખાસ આમંત્રણ આપવામાં આવ્યું આ સન્માન 14 ઓગસ્ટના રોજ ઓસ્ટ્રેલિયાના મહાનગર મેલબોર્નમાં એક ખાસ સમારોહ યોજાવવાનો છે. આ કાર્યક્રમમાં રાનીને આમંત્રિત કરવામાં આવી છે. આ દરમિયાન ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્નનો એક શૉ યોજાશે. જેમાં રાની ખાસ હાજરી આપશે.13થી 23 ઓગસ્ટ સુધી આ કાર્યક્રમ યોજાશે. ફેડરેશન સ્ક્વેરમાં આ ખાસ સમારોહ યોજાશે. રાનીને આ સન્માન આપવામાં આવી રહ્યું છે એની પાછળ મુખ્ય બે કારણ છે. ત્રણ દાયકાની સિને ફિલ્મની સફર બાદ આ સન્માન મળી રહ્યું છે અને સામાજિક કાર્યોની નોંધ લઈને આ સન્માન આપવામાં આવી રહ્યું છે. 'બ્લેક', 'હિચકી', 'મર્દાની' અને 'મિસીઝ ચેટર્જી vs નોર્વે' જેવી બેસ્ટ ફિલ્મમાં દમદાર પાત્ર પ્લે કરીને એક માઈલસ્ટોન ઊભો કર્યો છે.

ફિલ્મોના માધ્યમથી તેણે મહિલાઓના અધિકાર, માનસિક અને સામાજિક બદલાવની પહેલ જેવી અનેક એવી જરૂરિયાત પર ફોક્સ કર્યું છે. આ સિવાય બાળકોમાં સ્વાસ્થ્ય, અભ્યાસ તથા ગરીબોની મદદ માટે કરેલી પહેલની ઓસ્ટ્રેલિયાની સરકારે પણ નોંધ લીધી છે. ખુશી વ્યક્ત કરી આ મોટા સન્માન બદલ ખુશી વ્યક્ત કરતા રાણીએ કહ્યું હતું કે, લા ટ્રોબા યુનિવર્સિટી પાસેથી આ સન્માન મેળવવું મારા માટે એક ગર્વની વાત છે. સિનેમા મારા જીવનમાં એક ગુરૂ સમાન છે. મને હંમેશાં એવી સ્ટોરીનો ભાગ બનવાની તક મળી છે, જે હિંમત અને બદલાવની વાત કરે છે. રાણીએ કહ્યું કે, આ ખાસ સન્માનને હું મારી માતૃભૂમિ ભારત તથા દુનિયાભરના મારાએ મિત્રોને સમર્પિત કરૂ છું, જેમના પ્રેમના લીધે હું અહીંયા સુધી પહોંચી છું.

# 'ભૂલભુલૈયા 4'ની સ્ટોરીને લઈને મેકર્સે શરૂ કરી દીધી તૈયારીઓ

## ફિલ્મનું ડાયરેક્શન કોણ કરશે અને લીડ એક્ટ્રેસ કોણ હશે એ અંગે હજું કંઈ ફાઈનલ નથી. આવતા વર્ષે આ ફિલ્મનું શુટિંગ થાય એવી પૂરી શક્યતાઓ છે

મુંબઈ

ફિલ્મ 'ભૂલભૂલૈયા' આવ્યા બાદ એનો બીજો અને ત્રીજોભાગ આવ્યો હતો. હવે ચોથા ભાગને લઈને એક મોટી અપડેટ સામે આવી છે. કાર્તિક આર્યન ફરી એકવાર 'રૂહબાબા'ના રોલમાં જોવા મળશે. આ માટે કાર્તિકે મેકર્સ સાથે હાલ મિલાવી લીધા છે. હવે આ ફિલ્મ ક્યારે ઓન ફ્લોર થાય એના પર સૌની નજર છે. બોલિવૂડની સૌથી પોપ્યુલર અને કોમેડી ફિલ્મ 'ભૂલભૂલૈયા'ને લઈ ફેન્સમાં એક પ્રકારો ક્રેઝ જોવા મળ્યો હતો. આ ક્રેઝ ફરીવાર જોવા મળવાનો છે. ફાઈનલી આવશે ચોથો ભાગ ચોથો ભાગ આવશે કે નહીં એની હિન્ટ ફિલ્મમાંથી જ મળી જતી હતી. આ ફિલ્મ જોયા બાદ ઘણા ફેન્સ એવું માની રહ્યા હતા કે,ચોથો ભાગ આવશે. હવે ફાઈનલી ચોથો ભાગ આવે એવા એંધાણ વર્તાય રહ્યા છે.વર્ષ 2024માં ત્રીજોભાગ આવ્યો હતો. આવનારી નવી ફિલ્મમાં કાર્તિક આર્યન હશે એ ફાઈનલ થઈ ગયું છે. મેકર્સ હવે આ ફિલ્મને લગતા કામે લાગી ગયા છે. ફિલ્મની થીમ કેવી હશ અને વાર્તા શું હશે એ અંગે હજું સુધી કોઈ પ્રકારની સ્પષ્ટતા કરવામાં આવી નથી. મેકર્સ હાલમાં તૈયારીઓ કરી રહ્યા છે. પણ તૈયારીઓમાં વિષય સ્પષ્ટ થયો નથી. છેલ્લા કેટલાક સમયથી આ ફિલ્મને લઈને ચર્ચા શરૂ થઈ હતી પણ કંઈ નક્કી થતું ન હતું, હવે આ ફિલ્મના ચોથા ભાગને લઈને વાત નક્કી થઈ ગઈ છે. મેકર્સે આ પ્રોજેક્ટને લઈને ગ્રીન સિગ્નલ આપી દીધું છે. જેમાં કાર્તિક હોવાનું નક્કી છે.



### ઓયારઝાબાલે પેનલ્ટી પર ગોલ કર્યો, પોરોએ લીડ ડબલ કરી

# સ્પેન 16 વર્ષ પછી ફૂટબોલ વર્લ્ડકપ ફાઇનલમાં: ફ્રાન્સને 2-0થી હરાવ્યું

મુંબઇ

સ્પેન 16 વર્ષ પછી ફૂટબોલ વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચી ગયું છે. ટીમે પ્રથમ સેમિફાઇનલમાં ફ્રાન્સને 2-0 થી હરાવીને બીજી વખત ફાઇનલમાં સ્થાન બનાવ્યું. ડલાસ સ્ટેડિયમમાં મિકેલ ઓયારઝાબાલે 22મી મિનિટે પેનલ્ટી પર પહેલો ગોલ કર્યો. ત્યારબાદ 58મી મિનિટે પેડ્રો પોરોએ ગોલ કરીને સ્પેનની જીત પાકી કરી દીધી.

સ્પેન 2010 પછી ફાઇનલ રમશે. ત્યારે ટીમે ફાઇનલમાં નેધરલેન્ડ્સને 1-0 થી હરાવીને પોતાનો એકમાત્ર વર્લ્ડ કપ જીત્યો હતો. જ્યારે, ફ્રાન્સ 2018 અને 2022 પછી સતત ત્રીજી વખત વર્લ્ડ કપ ફાઇનલમાં પહોંચવાથી રહી ગયું. સ્પેનને 22મી મિનિટે પેનલ્ટી મળી. ફ્રાન્સના ડિફેન્ડર લુકાસ ડિગ્નેએ બોક્સની અંદર લામિન યમાલ પર ફાઉલ કર્યો. આ પછી રેફરીએ પેનલ્ટી આપી. મિકેલ ઓયારઝાબાલે બોલને ગોલપોસ્ટના જમણા ખૂણામાં મોકલ્યો. આ



સાથે સ્પેને 1-0ની લીડ મેળવી લીધી. આ ઓયારઝાબાલનો ટુર્નામેન્ટમાં પાંચમો ગોલ હતો. બીજા હાફમાં ફ્રાન્સે બરાબરી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ 58મી મિનિટે પેડ્રો પોરોએ દાની ઓલ્મોના શાનદાર પાસ પર ગોલ કરીને સ્પેનની લીડ 2-0 કરી દીધી. આ પછી સ્પેને બોલ પર નિયંત્રણ જાળવી રાખ્યું અને ફ્રાન્સને કોઈ મોટી તક આપી નહીં.

આખી ટુર્નામેન્ટમાં શાનદાર ફોર્મમાં રહેલા કિલિયન એમ્બાપ્પે આ મેચમાં સ્પેનની મજબૂત ડિફેન્સ સામે અસર છોડી શક્યો નહીં. તેને ઘણી વખત ઓફસાઇડ મળ્યો અને બીજા હાફમાં યલો કાર્ડ પણ મળ્યું. ફ્રાન્સ 2018 અને 2022 પછી સતત ત્રીજી વખત વર્લ્ડ કપ ફાઇનલ રમવાની તક ગુમાવી બેઠું. મેચની 22મી મિનિટે સ્પેનને પ્રથમ સફળતા મળી હતી. ફ્રાન્સના ડિફેન્ડર લુકાસ ડિન્યેએ સ્પેનના લામિન યમાલ પર ફાઉલ કર્યો, જેના કારણે રેફરીએ સ્પેનને પેનલ્ટી એનાયત કરી હતી. મિકેલ ઓયાર્જાબેલે આ પેનલ્ટીને સફળતાપૂર્વક ગોલમાં ફેરવીને સ્પેનને 1-0 ની લીડ અપાવી દીધી હતી. ઓયાર્જાબેલનો આ ટૂર્નામેન્ટમાં આ 5મો ગોલ હતો. ફર્સ્ટ હાફના અંત સુધી સ્પેને આ લીડ જાળવી રાખી હતી. પેડ્રો પોરોએ સ્પેનની જીત પાકી કરી બીજા હાફમાં ફ્રાન્સની ટીમ વાપસી કરશે તેવી આશા હતી, પરંતુ 58મી મિનિટે સ્પેને વધુ એક શાનદાર મૂવ બનાવ્યો હતો. ડેનિયલ ઓલ્મોના ક્લાસિક પાસ પર પેડ્રો પોરોએ શાંતિપૂર્વક શાનદાર ગોલ દાગીને સ્પેનની લીડ 2-0 કરી દીધી હતી. આ ગોલ બાદ ફ્રાન્સે વાપસી માટે આકાશ-પાતાળ એક કર્યા પરંતુ સ્પેનના લોખંડી ડિફેન્સ લાઇન સામે કિલિયન એમ્બાપ્પેના આક્રમણની એક પણ ન ચાલી.

## નવા બેટર્સ માટે પીચ મુશ્કેલ હતી: અક્ષર પટેલ

લંડન

ભારતીય ઓલરાઉન્ડર અક્ષર પટેલે કહ્યું કે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ વન-ડેમાં તેની મેચ વિનિંગ ઈનિંગ્સનું રહસ્ય તાકાતને બદલે ટાઈમિંગ પર ભરોસો રાખવાનું હતું. પ્લેયર ઑફ ધ મેચ રહેલા અક્ષરે કહ્યું કે તે T20 સિરીઝ દરમિયાન બોલને જરૂરિયાત કરતાં વધુ જોરથી મારવાનો પ્રયાસ કરી રહ્યો હતો, જ્યારે વન-ડેમાં તેણે પરિસ્થિતિઓ અનુસાર બેટિંગ કરી. અક્ષરે કહ્યું- 'એજબેસ્ટનની પીચ શરૂઆતમાં બેટર્સ માટે મુશ્કેલ હતી. નવા બેટર્સને સેટ થવા માટે સમય જોઈતો હતો. એકવાર સેટ થયા પછી અમારું ધ્યાન પાર્ટનરશીપ બનાવવામાં હતું.' અક્ષરે ઈંગ્લેન્ડ સામે 52 બોલમાં 57 રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી અને ટીમને જીત અપાવી હતી. તેણે 9.5 ઓવરમાં 4 વિકેટ પણ ઝડપી. આ માટે તેમને પ્લેયર ઑફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો. અક્ષરે કહ્યું કે એજબેસ્ટનની પીચ શરૂઆતમાં બેટર્સ માટે સરળ નહોતી અને નવા બેટર્સને સેટ થવા માટે સમય જોઈતો હતો. અક્ષરે કહ્યું, 'જે પણ નવો બેટર ક્રિઝ પર આવ્યો, તેને શરૂઆતમાં મુશ્કેલી પડી. જો રૂટ અને લિયામ ડૉસન માટે પણ રન બનાવવા ત્યારે સરળ બન્યા જ્યારે ભાગીદારી બની ગઈ. આવી પીચ પર આવતા જ મોટા શોટ રમી શકાતા નથી, કારણ કે બોલ સ્વિંગ અને સીમ બંને કરી રહ્યો હતો. પહેલા પોતાને સમય આપવો જરૂરી હતો.' અક્ષરે કહ્યું કે રોહિત શર્મા, વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ અને કેએલ રાહુલ જેવા અનુભવી ખેલાડીઓની વાપસીથી ટીમમાં આત્મવિશ્વાસ અને શાંતિનું વાતાવરણ બન્યું છે.

### BCCIની વધશે મુશ્કેલી

## વાયદો પૂરો ન થતાં દિગ્ગજ નારાજ, ટીમ ઈન્ડિયાનો સાથ છોડવા તૈયાર

મુંબઇ

ભારતીય ક્રિકેટ ટીમના સપોર્ટ સ્ટાફને લઈને એક અત્યંત ચોંકાવનારા અને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. હેડ કોચ ગૌતમ ગંભીરની કોચિંગ ટીમમાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવી રહેલા આસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોશેટ ટૂંક સમયમાં જ પોતાનું પદ છોડી શકે છે તેવી અટકળોએ ભારે જોર પકડ્યું છે. આ અહેવાલોએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને મુખ્ય કોચ ગંભીરની ચિંતાઓમાં બમણો વધારો કર્યો છે, કારણ કે ટીમ ઈન્ડિયા હાલમાં ઘણી મહત્ત્વની આંતરરાષ્ટ્રીય સીરિઝ અને



ભવિષ્યના મોટા રોડમેપ પર કામ કરી રહી છે. સૂત્રો અને મીડિયા અહેવાલો દ્વારા મળતી વિગતો અનુસાર, રાયન ટેન ડોશેટના આ સંભવિત નિર્ણય પાછળ કેટલાક અંગત કારણો અને સતત વધી રહેલું કામનું ભારણ મુખ્ય જવાબદાર માનવામાં આવી રહ્યું છે. ભારતીય ક્રિકેટ ટીમનું વાર્ષિક શિડ્યુલ અત્યંત વ્યસ્ત અને થકવી નાખનારું રહે છે, જેમાં સતત વિદેશી પ્રવાસો, ઘરેલું સીરિઝ અને લાંબા ટ્રેનિંગ કેમ્પ સામેલ હોય છે. આ સતત વ્યસ્ત દિનચર્યાના કારણે તે પોતાના પરિવારને બિલકુલ સમય આપી શકતો નથી, જે તેના પદ છોડવાની ઈચ્છા પાછળનું એકમાત્ર અને સૌથી મોટું કારણ હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, BCCI કે રાયન ટેન ડોશેટ દ્વારા આ ગંભીર વિષય અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન કે પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ ક્રિકેટ ગલિયારાઓમાં આ મુદ્દો અત્યારે ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

## ભારતની ઈંગ્લેન્ડ સામે દમદાર જીત, ગિલ-અક્ષરનો ચાલ્યો જાદુ

### અક્ષર પટેલે 4 વિકેટ ઝડપી, જ્યારે પ્રસિદ્ધ અને ગુરનૂરને 2-2 વિકેટ મળી

બર્મિંગહામ

બર્મિંગહામના એજબેસ્ટન મેદાન પર રમાયેલી પ્રથમ વનડે મેચમાં ભારતીય ટીમે ધમાકેદાર પ્રદર્શન કરતા ઈંગ્લેન્ડને 6 વિકેટે હરાવી દીધું છે. ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમ 47.5 ઓવરમાં 258 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ભારતીય ટીમે માત્ર 45.2 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 262 રન બનાવી લીધા હતા અને 28 બોલ બાકી રહેતા શાનદાર જીત મેળવી હતી. ભારતીય બોલરોનો તરખાટ : અક્ષર પટેલની 4 વિકેટ પ્રથમ ઈનિંગમાં ભારતીય બોલરોએ ઈંગ્લેન્ડના બેટરોને પિચ પર ટકવા દીધા નહોતા. સ્પિનર અક્ષર પટેલે ઘાતક બોલિંગ કરતા 9.5 ઓવરમાં 62 રન આપીને સૌથી વધુ 4 વિકેટ ઝડપી હતી. ફાસ્ટ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ 10 ઓવરમાં 2 મેડન સાથે 50 રન આપીને 2 વિકેટ લીધી હતી. આ સિવાય ગુરનૂર બરારે 9 ઓવરમાં 61 રન આપીને 2 મહત્વની વિકેટો મેળવી હતી.

જસપ્રિત બુમરાહે 9 ઓવરમાં 31 રન આપીને 1 વિકેટ અને શિવમ દુબેએ 6 ઓવરમાં 27 રન આપીને 1 વિકેટ ઝડપી હતી. વોશિંગ્ટન સુંદરે 4 ઓવરમાં 13 રન આપ્યા હતા પરંતુ તેમને કોઈ વિકેટ મળી નહોતી. ઈંગ્લેન્ડના બેટરોની વિગતો ઈંગ્લેન્ડ તરફથી જો રૂટે સૌથી વધુ 76 રન અણનમ બનાવ્યા હતા, જેમાં તેમણે 76 બોલ રમીને 6 ફોર અને 1 સિક્સ ફટકારી હતી. લિયામ ડોસને 83 બોલમાં 6 ફોર અને 1 સિક્સ સાથે 68 રનનું યોગદાન આપ્યું હતું. આ સિવાય બેન ડકેટે 45 બોલમાં 43 રન (6 ફોર, 2 સિક્સ), જેકોબ બેથેલે 31 બોલમાં 14 રન (1 ફોર), કેપ્ટન હેરી બ્રુકે 3 બોલમાં 1 રન, જોસ બટલરે 14 બોલમાં 5 રન, સેમ કરને 3 બોલમાં 0 રન, વિલ જેક્સે 19 બોલમાં 20 રન (3 ફોર), જોફ્રા આર્ચરે 6 બોલમાં 12 રન (1 ફોર, 1 સિક્સ) અને આદિલ રશિદે 5 બોલમાં 1 રન બનાવ્યો હતો. જોશ ટંગ શૂન્ય રને આઉટ થયો હતો. ગિલ, સુંદર અને અક્ષરની અડધી સદી 259 રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત મધ્યમ રહી હતી. કેપ્ટન શુભમન ગિલે શાનદાર બેટિંગ કરતા 75 બોલમાં 11 ફોર અને 1 સિક્સની મદદથી 80 રન ફટકાર્યા હતા, પરંતુ તેઓ રિટાયર્ડ હર્ટ થયા હતા. ઓપનર રોહિત શર્મા 21 બોલમાં 1 ફોર સાથે 11 રન બનાવી આઉટ થયા હતા. વિરાટ કોહલી 6 બોલમાં 1 ફોર સાથે 5 રન અને શ્રેયસ અય્યર 53 બોલમાં 2 ફોર સાથે 35 રન બનાવી પેવેલિયન ભેગા થયા હતા. કેએલ રાહુલ 3 બોલમાં માત્ર 1 રન બનાવી શક્યા હતા. ત્યારબાદ વોશિંગ્ટન સુંદર અને અક્ષર પટેલે બાજી સંભાળી હતી. વોશિંગ્ટન સુંદરે 63 બોલમાં 4 ફોર અને 1 સિક્સની મદદથી અણનમ 52 રન બનાવ્યા હતા. જ્યારે અક્ષર પટેલે પણ બેટિંગમાં કમાલ કરતા 52 બોલમાં 5 ફોર અને 1 સિક્સ ફટકારીને અણનમ 57 રનની મેચ વિનિંગ ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડના બોલરો ભારતીય બેટરો પર દબાણ બનાવવામાં નિષ્ફળ રહ્યા હતા. જોફ્રા આર્ચરે 10 ઓવરમાં 60 રન આપીને 1 વિકેટ, જોશ ટંગે 10 ઓવરમાં 50 રન આપીને 1 વિકેટ અને સેમ કરને 10 ઓવરમાં 55 રન આપીને 1 વિકેટ લીધી હતી. આદિલ રશિદ (5.2 ઓવરમાં 34 રન), જેકોબ બેથેલ (1 ઓવરમાં 10 રન), લિયામ ડોસન (2 ઓવરમાં 10 રન) અને વિલ જેક્સ (7 ઓવરમાં 43 રન) ને કોઈ વિકેટ મળી નહોતી.



### સ્વિગીની HPCL સાથે ભાગીદારી, બેંગલુરુથી શરૂઆત

# ઇન્સ્ટામાર્ટથી ઘરે બેઠા LPG સિલિન્ડર મળશે

મુંબઇ

સ્વિગીના ક્વિક કોમર્સ પ્લેટફોર્મ ઈન્સ્ટામાર્ટે એલપીજી સિલિન્ડરની ડિલિવરી શરૂ કરવા માટે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ સાથે ભાગીદારીની જાહેરાત કરી છે. આ અંતર્ગત હવે ગ્રાહકો સીધા ઈન્સ્ટામાર્ટ એપ દ્વારા ઓન-ડિમાન્ડ એલપીજી ગેસ સિલિન્ડર ઓર્ડર કરી શકશે. બુધવાર, 15 જુલાઈએ બંને કંપનીઓએ આ સેવા શરૂ કરવાની માહિતી આપી. ગેસ સિલિન્ડરની ક્વિક ડિલિવરી માટે ક્વિક કોમર્સ પ્લેટફોર્મ સાથે થયેલી આ દેશની પ્રથમ ભાગીદારી છે. પ્રારંભિક તબક્કામાં આ સેવા કર્ણાટકના બેંગલુરુમાં શરૂ કરવામાં આવશે. 10 કિલોનો નવો 'HP નવ્યા'




અને 5 કિલોનો સિલિન્ડર મળશે આ ભાગીદારી દ્વારા ગ્રાહકો ઈન્સ્ટામાર્ટ એપ પર HPCLના બે પ્રકારના સિલિન્ડર ઓર્ડર કરી શકશે. તેમાં તાજેતરમાં લોન્ચ કરાયેલ કંપનીનો 'HP નવ્યા' 10 કિલોગ્રામનો કમ્પોઝિટ એલપીજી સિલિન્ડર શામેલ છે. આ ઉપરાંત, ગ્રાહકો એપ દ્વારા HPCLનો પરંપરાગત 5 કિલોગ્રામનો મેટલ (લોખંડનો) એલપીજી સિલિન્ડર પણ બુક કરી શકશે. કોઈપણ જૂના કનેક્શન વિના પણ બુકિંગ કરી શકાશે કંપનીઓએ માહિતી આપી છે કે ગ્રાહકોને ઈન્સ્ટામાર્ટ દ્વારા આ ગેસ સિલિન્ડર ખરીદવા માટે અગાઉથી કોઈપણ પ્રકારના ઘરેલું LPG ગેસ કનેક્શનની જરૂર રહેશે નહીં. આ એવા લોકો માટે ખૂબ જ અનુકૂળ રહેશે જેઓ નવા શહેરમાં સ્થળાંતરિત થયા છે અથવા જેમને તાત્કાલિક ગેસ કનેક્શનની જરૂર છે. જાણો કેવી રીતે કામ કરશે ઓર્ડર અને રિફિલની પ્રક્રિયા પ્રથમ ઓર્ડર: જો કોઈ ગ્રાહક પહેલીવાર એપથી સિલિન્ડર બુક કરે છે, તો તેને નવા સિલિન્ડરની ખરીદી ગણવામાં આવશે.

### સોના-ચાંદીના ભાવમાં વધઘટ જોવા મળી

## સોનું ₹112 ઘટીને ₹1.42 લાખ પર આવ્યું:ચાંદી ₹416 વધીને ₹2.20 લાખ પ્રતિ કિલો પર પહોંચી

મુંબઇ

આજ રોજ એટલે કે 15 જુલાઈના રોજ સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 112 રૂપિયા ઘટીને 1.42 લાખ રૂપિયા પર આવી ગયું છે. જ્યારે એક કિલો ચાંદી 416 રૂપિયા વધીને 2.20 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધી સોનું 9 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.42 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદીની કિંમતમાં 10 હજાર રૂપિયાનો ઘટાડો થયો



છે. ચાંદી 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.20 લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પણ બનાવ્યો હતો. મજબૂત અમેરિકી ડોલર: ફેડરલ રિઝર્વના સંકેતો પછી વૈશ્વિક બજારમાં અમેરિકી ડોલર ઈન્ડેક્સ મજબૂત થયો છે. સામાન્ય રીતે જ્યારે ડોલર મજબૂત થાય છે, ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં સોના અને ચાંદીના ભાવ ઘટે છે. નફાખોરી: થોડા સમય પહેલા સોના અને ચાંદીના ભાવ તેમના રેકોર્ડ સ્તરે પહોંચી ગયા હતા. ભાવમાં આટલો મોટો ઉછાળો આવ્યા પછી મોટા રોકાણકારો અને ટ્રેડર્સે નફાખોરી કરી, જેના કારણે ભાવમાં ઘટાડો થયો છે. કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે સોના-ચાંદીના ભાવ તેમની ઊંચી સપાટીથી ઘણા નીચે આવી ગયા છે. આવા સમયે રોકાણકારો તેમાં રોકાણ કરી શકે છે.

### એપ્રિલ-જૂન 2026 ક્વાર્ટરમાં CP દ્વારા 5.37 લાખ કરોડ રૂપિયા એકત્ર થયા

# CP માર્કેટમાં તેજી, રૂ.5.37 લાખ કરોડ ઊભા કરાયા, 18 ક્વાર્ટરમાં સૌથી વધુ

### નાણાકીય વર્ષ 2027ના પ્રથમ ક્વાર્ટરમાં, કંપનીઓ અને NBFCs એ મૂડી એકત્ર કરવા બેંકો અને CP બજાર બંનેનો ઉપયોગ કર્યો

મુંબઇ

બેંકો દ્વારા લોન ફાળવણીમાં વધારો વચ્ચે, કોમર્શિયલ પેપર્સ (સીપી) દ્વારા ભંડોળ ઊભું કરવાની ગતિમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ ના પ્રથમ ક્વાર્ટરમાં, નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ (એનબીએફસી) સહિત ઘણી કંપનીઓએ મૂડી એકત્ર કરવા માટે બેંકો અને કોમર્શિયલ પેપર (સીપી) બજાર બંનેનો ઉપયોગ કર્યો હતો. આ સૂચવે છે કે સમગ્ર અર્થતંત્રમાં ભંડોળની માંગ સુસંગત રહે છે.

એપ્રિલ-જૂન ૨૦૨૬ ક્વાર્ટરમાં, સીપી દ્વારા એકત્ર કરાયેલ રકમ રૂ. ૫.૩૭ લાખ કરોડ હતી, જે છેલ્લા ૧૮ ક્વાર્ટરમાં સૌથી વધુ છે. ફક્ત જૂન મહિનામાં જ આ આંકડો રૂ. ૨.૫૫ લાખ કરોડ હતો, જે છેલ્લા ૫૫ મહિનામાં સૌથી વધુ છે. કંપનીઓ અને એનબીએફસી ટૂંકા ગાળાની રોકડ જરૂરિયાતોને પહોંચી વળવા માટે આ પેપર્સ જારી કરે છે. નિષ્ણાતો કહે છે કે બેંક લોન




વિતરણ અને સીપી જારી બંનેમાં એક સાથે વધારો મજબૂત આર્થિક પ્રવૃત્તિનો સંકેત છે.

રિઝર્વ બેંકના ડેટા અનુસાર, જૂનના પ્રથમ પખવાડિયામાં રૂ.૧.૫૯ લાખ કરોડના સીપી જારી કરવામાં આવ્યા હતા અને બીજા પખવાડિયામાં રૂ. ૯૬,૦૦૦ કરોડથી વધુના સીપી જારી કરવામાં આવ્યા હતા, જેનાથી કુલ રૂ. ૨.૫૫ લાખ કરોડ થયા હતા. મે મહિનામાં આશરે ૧.૩૮ લાખ કરોડ અને એપ્રિલમાં ૧.૪૫ લાખ કરોડના સીપી જારી કરવામાં આવ્યા હતા.

દરમિયાન, બેંક લોન વિતરણમાં પણ વધારો થયો છે. જૂનના અંતમાં, તેમાં વાર્ષિક ધોરણે ૧૮% થી વધુનો વધારો થયો છે, જેમાં નાણાકીય વર્ષ ૨૭ ના પ્રથમ ક્વાર્ટરમાં વધારાની ૫.૬ લાખ કરોડની લોન આપવામાં આવી છે.

૩૦ જૂનના રોજ પૂરા થયેલા પખવાડિયામાં, વાણિજ્યિક બેંક લોન વિતરણ વાર્ષિક ધોરણે વધીને ૧૮.૬% ની બે વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ ના પ્રથમ ક્વાર્ટરમાં વધારાના બેંક ક્રેડિટ ફાળવણી વધીને ૫.૬ લાખ કરોડ થઈ ગઈ, જે નાણાકીય વર્ષ ૨૦૨૬ ના પ્રથમ ક્વાર્ટરમાં ૨.૪ લાખ કરોડ હતી.

જૂનમાં એનબીએફસીએ રૂ. ૧.૦૪ લાખ કરોડના સીપી જારી કર્યા હતા, જ્યારે કંપનીઓએ રૂ. ૮૦,૦૦૦ કરોડના સીપી જારી કર્યા હતા. આ ટૂંકા ગાળાની મૂડી એકત્ર કરવા માટે બજાર પર તેમની નિર્ભરતા દર્શાવે છે.

## સેન્સેક્સ 130 પોઈન્ટ વધીને 77185 પર બંધ

- નિફ્ટીમાં 26 પોઈન્ટનો વધારો રહ્યો, એનર્જી અને સિમેન્ટ સંબંધિત શેરોમાં વધુ ખરીદી

મુંબઇ

શેરબજારમાં આજે એટલે કે 15 જુલાઈએ તેજી જોવા મળી. સેન્સેક્સ 130 પોઈન્ટ વધીને 77,185 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 26 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,079 પર બંધ થયો. એનર્જી અને સિમેન્ટ સંબંધિત શેરોમાં વધુ ખરીદી જોવા મળી. જ્યારે મેટલ અને IT શેરોમાં વધુ વેચવાલી રહી. ક્રૂડ ઓઈલ 1% વધીને 85 ડોલરને પાર નીકળ્યું ક્રૂડ ઓઈલની કિંમત આજે 1% વધીને ફરીથી 85 ડોલરને પાર પહોંચી ગઈ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં કહ્યું હતું કે ઈરાન



સાથે થયેલો કરાર હવે સમાપ્ત થઈ ગયો છે. ત્યારબાદથી ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી જોવા મળી રહી છે. 2 કંપનીઓના IPOનો આજે બીજો દિવસ છે. આ IPO SBI ફંડ્સ મેનેજમેન્ટ અને આલ્પાઈન ટેક્સવર્લ્ડના છે. મ્યુચ્યુઅલ ફંડ કંપની SBI ફંડ્સ મેનેજમેન્ટ પ્રાઈમરી માર્કેટમાંથી 9,813 કરોડ રૂપિયા એકત્ર કરી રહી છે. તેનો ઈશ્યૂ પહેલા જ દિવસે 68% સબસ્ક્રાઈબ થઈ ગયો છે.

## ડમી શાળાઓની ફરિયાદ બાદ શિક્ષણ નિરીક્ષકો સરપ્રાઇઝ ચેકિંગ કરશે

# શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરીની તપાસ કરવા DEOનો આદેશ




**અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ જ્યારે શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારે તમામ શાળાઓમાં તપાસ કરવામાં આવતી હોય છે. તેમજ સમયાંતરે શાળાઓમાં શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષક દ્વારા ચકાસણી કરવામાં આવતી હોય છે. તેમજ કેટલીક ફરિયાદ મળી છે કે શાળાઓ વિદ્યાર્થીઓની હાજરી વગર ચાલી રહી છે. જેથી ફરિયાદને ધ્યાને લઈને શહેરની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી ચેક કરવા માટે શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપવામાં આવ્યા છે**

અમદાવાદ

અમદાવાદ શહેરની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરીની ચકાસણી કરવા શિક્ષણ નિરીક્ષકો અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકોને આદેશ કરવામાં આવ્યો છે. શહેરની કેટલીક શાળાઓ ડમી વિદ્યાર્થીઓના આધારે ચાલતી હોવાની ફરિયાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને મળી હતી. વિદ્યાર્થીઓ નિયમિત હાજર ન રહેતા હોવાની ફરિયાદોને ગંભીરતાથી લઈ જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ શિક્ષણ નિરીક્ષકો અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકોને શાળાઓમાં સરપ્રાઈઝ ચેકિંગ કરવા સૂચના આપી છે. ત્યારે તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓની વાસ્તવિક હાજરી ચકાસી તેના રિપોર્ટના આધારે કાર્યવાહી કરવામાં આવશે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ જ્યારે શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારે તમામ શાળાઓમાં તપાસ કરવામાં આવતી હોય છે. તેમજ સમયાંતરે શાળાઓમાં શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષક દ્વારા ચકાસણી કરવામાં આવતી હોય છે. તેમજ કેટલીક ફરિયાદ મળી છે કે શાળાઓ વિદ્યાર્થીઓની હાજરી વગર ચાલી રહી છે. જેથી ફરિયાદને ધ્યાને લઈને શહેરની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી ચેક કરવા માટે શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ જ્યારે શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારે તમામ શાળાઓમાં તપાસ કરવામાં આવતી હોય છે. તેમજ સમયાંતરે શાળાઓમાં શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષક દ્વારા ચકાસણી કરવામાં આવતી હોય છે. તેમજ કેટલીક ફરિયાદ મળી છે કે શાળાઓ વિદ્યાર્થીઓની હાજરી વગર ચાલી રહી છે. જેથી ફરિયાદને ધ્યાને લઈને શહેરની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી ચેક કરવા માટે શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપવામાં આવ્યા છે

**બ્રિજ તૂટ્યા બાદ નદીના પટમાં ભેગા થયેલા વિશાળ ડેબ્રીઝ (કાટમાળ અને કોંક્રિટના ટુકડા)ને હટાવવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી**

વધુમાં રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ફરિયાદોને ધ્યાને લઈને જે પણ શાળાઓમાં વિદ્યાર્થીઓની પૂરતી હાજરી ન હોય અને ડમી શાળા ચાલતી હોય તેવી શાળાઓનો રિપોર્ટ તૈયાર કરીને આપવા માટે પણ શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકને સૂચના આપવામાં આવી છે. તેમજ શાળાઓને પણ જણાવવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓની ગેરહાજરી બાબતે પૂરતી તકેદારી રાખવામાં આવે અને વિદ્યાર્થી શાળાએ ન આવે તો વાલીઓને સંપર્ક કરવા પણ સૂચના આપવામાં આવી છે. તેમજ ડમીનું દૂષણ ન ચાલે તે માટેના તમામ પ્રયાસ કડક આદેશ શાળાઓને કરવામાં આવ્યો છે.

### ■ દૈનિક હાજરી, વર્ગખંડમાં હાજર સંખ્યાનો અહેવાલ આપવો પડશે

શહેરની કેટલીક શાળાઓમાં ડમી શાળાઓ ચલાવાતી હોવા તેમજ માત્ર કાગળ પર જ વિદ્યાર્થીઓના પ્રવેશ દર્શાવવામાં આવતા હોવાની ફરિયાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સુધી પહોંચતા શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું છે. ત્યારે શાળાઓમાં નિરીક્ષણ દરમિયાન હાજરી રજિસ્ટર, દૈનિક હાજરી, વર્ગખંડમાં હાજર વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ પ્રવેશ નોંધ સાથે વાસ્તવિક સ્થિતિની સરખામણી કરીને વિગતવાર અહેવાલ રજૂ કરવા પણ આદેશ કરવામાં આવ્યો છે.

### ■ વિદ્યાર્થીઓની પૂરતી હાજરી નહીં હોય તો કાર્યવાહી કરાશે

કેટલીક શાળાઓમાં બોર્ડની પરીક્ષા અથવા અન્ય કારણોસર વિદ્યાર્થીઓ માત્ર નામમાત્ર પ્રવેશ લઈને અન્યત્ર અભ્યાસ કરતા હોવાની ફરિયાદો પણ મળી હતી. જેથી ફરિયાદના આધારે શાળાઓમાં શિક્ષણ કાર્ય ચાલી રહ્યું છે કે નહીં અને નોંધાયેલા વિદ્યાર્થીઓ નિયમિત રીતે હાજર રહે છે કે નહીં તેની ખાતરી કરવા શિક્ષણ નિરીક્ષક દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરી રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. જો શાળાઓમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની પૂરતી હાજરી નહીં જોવા મળે તો ડમી શાળા ચાલતું હોવાની સમજી તેની સામે કડક કાર્યવાહી કરવાની પણ તૈયારી દર્શાવવામાં આવી છે.

---

#### રથયાત્રાને લઈને શહેર

## પોલીસ સંપૂર્ણ સજ્જ : CP, કાયદો વ્યવસ્થા બગાડશો તો સજા મળશે..

### બાળકોના ખિસ્સામાં નામ અને મોબાઈલ નંબરની ચિઠ્ઠી રાખો : CP

અમદાવાદ

દેશની સૌથી મોટી બીજી રથયાત્રા ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદમાં યોજાય છે. ભગવાન જગન્નાથની 149મી રથયાત્રા આવતીકાલે 16 જુલાઈના રોજ જમાલપુર જગન્નાથ મંદિરથી નીકળવાની છે. રથયાત્રા જોવા માટે હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ ભગવાનના દર્શન કરવા માટે સમગ્ર રૂટ ઉપર ઉમટી પડતા હોય છે ત્યારે કાયદો અને વ્યવસ્થા તેમજ સુરક્ષાને લઈને પોલીસ દ્વારા સંપૂર્ણપણે તૈયારીઓ કરી લેવામાં આવી છે. સમગ્ર રૂટ ઉપર 30,000થી વધારે પોલીસ અધિકારીઓને કર્મચારીઓ દ્વારા ભગવાન તેમજ નાગરિકોની સુરક્ષા કરવામાં આવનાર છે.



સૌથી મોટી રથયાત્રાને લઈને અમદાવાદ શહેર પોલીસ દ્વારા નાગરિકોની સુરક્ષા અને રથયાત્રામાં શું ધ્યાન રાખવું તેને લઈને એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, નાગરિકોની સુરક્ષા અમારું કર્તવ્ય છે. રથયાત્રાને ભક્તિમય માહોલમાં શાંતિપૂર્ણ રીતે અને સારી રીતે પૂરી કરવામાં અને કાયદો તેમજ વ્યવસ્થા જાળવવા નાગરિકો અમને સહકાર આપો એવી વિનંતી કરું છું.

જમાલપુર જગન્નાથ મંદિરની સુરક્ષાની જવાબદારી સંભાળનારા ઝોન 3 ડીસીપી રૂપલ સોલંકીએ જણાવ્યું હતું કે ભક્તો માટે અમારું દિલ નરમ છે પરંતુ ગુનેગારો માટે અમારા હાથ લોખંડી છે.

## સરખેજ-ધોળકા રોડ પર લોડિંગ ટ્રક-આઇસર વચ્ચે અકસ્માત : ડ્રાઇવર સીટ પર જ આઇસર ચાલકનો મૃતદેહ ફસાતા પતરા કાપી કાઢ્યો..!

અમદાવાદ

અમદાવાદના સરખેજ-ધોળકા રોડ પર આજે(15 જુલાઈ) વહેલી સવારે બે ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો.આ અકસ્માતમાં આઈસર ચાલકનું સ્થળ પર જ મોત થયું હતું.અકસ્માત એટલો ગંભીર હતો કે આઈસર ચાલકનો મૃતદેહ ટ્રકની બોડી કાપીને બહાર કાઢવો પડ્યો હતો. બનાવની જાણ થતા ગ્રામ્ય પોલીસ સ્થળ પર પહોંચી હતી.



અમદાવાદના સરખેજ ધોળકા રોડ પર વહેલી સવારે 7:30 વાગ્યાની આસપાસ બાકરોલ પાસે એક લોડિંગ ટ્રક અને ઈંટ ભરેલા આઈસર વચ્ચે ભયાનક અકસ્માત થયો હતો. અકસ્માતમાં આઈસરના ડ્રાઈવરનું ઘટનાસ્થળે મોત થયું હતું.બનાવની જાણ થતા પોલીસ અને ફાયરની ટીમ સ્થળ પર પહોંચી હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે આઈસર ચાલકનો મૃતદેહ ટ્રકની આગળની બાજુ ફસાયો હતો, જેને ફાયરની ટીમ દ્વારા પતરા કાપીને બહાર કાઢવામાં આવ્યો હતો.અકસ્માતમાં લોડીંગ ટ્રકના ડ્રાઈવરને પણ ઈજાઓ પહોંચી છે,જેથી સારવાર માટે હોસ્પિટલ ખચાડવામાં આવ્યો છે. બનાવ અંગે ગ્રામ્ય પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

#### AMTS કમિટીની પ્રથમ બેઠક યોજાઈ

## મુસાફરોની સુવિધા અને પરિવહન સેવાઓ સુધારવા અંગે મંથન કરાયું

અમદાવાદ

અમદાવાદ શહેરની જીવાદોરી સમાન અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ એટલે કે એ.એમ.ટી.એસ. (AMTS) ટ્રાન્સપોર્ટ કમિટીની પ્રથમ ઔપચારિક બેઠક આજે ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાઈ ગઈ છે. નવી કમિટીની રચના બાદ મળેલી આ પ્રથમ બેઠકમાં આગામી સમયમાં અમદાવાદીઓની સફરને વધુ સુવિધાજનક, સલામત અને સરળ બનાવવા માટેના રોડમેપ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.



આજરોજ મળેલી આ મહત્વની પ્રથમ બેઠકમાં એ.એમ.ટી.એસ. કમિટીના નવનિયુક્ત ચેરમેનશ્રી, બોર્ડના તમામ સભ્યો તેમજ ટ્રાન્સપોર્ટ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વિશેષ રૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ પણ હાજર રહ્યા હતા. તમામ મહાનુભાવોએ કમિટીના સભ્યોને આવકાર્યા હતા અને આગામી સમયમાં જનતાની અપેક્ષાઓ પર ખરા ઉતરવા માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

મળતી વિગતો અનુસાર, આ પ્રથમ બેઠકમાં પ્રાથમિક તબક્કે વહીવટી પ્રક્રિયાઓ અને પરિવહન સેવાઓના સુદ્રઢીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠકમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓ પર સકારાત્મક ચર્ચા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે: બસ સેવાનું વિસ્તરણ: શહેરના નવા ભળેલા વિસ્તારોમાં એ.એમ.ટી.એસ. બસોની કનેક્ટિવિટી વધારવી

---

#### નાસીરનગર ડિમોલિશન બાદ ફરી IPS રાજદીપસિંહ નકુમ વિવાદમાં

## આરોપીઓના વાળ પકડી લાકડીના 25 ફટકા માર્યા

અમદાવાદ

સુરતના સલાબતપુરા વિસ્તારમાં બનેલી એક ચોંકાવનારી ઘટનામાં તાજેતરમાં જ IPS કેડરનું પ્રમોશન મેળવનાર અને વિવાદો સાથે જૂનો નાતો ધરાવતા SOG ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (DCP) રાજદીપસિંહ નકુમની મુશ્કેલીઓમાં મોટો વધારો થવાની સંભાવનાઓ દેખાઈ રહી છે.

સુરતમાં હત્યાના પ્રયાસના ગુનામાં પકડાયેલા પાંચ આરોપીઓને જાહેરમાં રસ્તા પર પરેડ કરાવીને, તેમના વાળ ખેંચીને અને લાકડીઓ વડે બેરહેમીથી ઢોર માર મારવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ કાયદાકીય મોરચે ગરમાવો આવી ગયો છે.



આ ગંભીર મામલે ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ અને પ્રતિષ્ઠિત વકીલ ઉત્કર્ષ દવે દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. એડવોકેટ ઉત્કર્ષ દવેએ આ અમાનવીય કૃત્ય બદલ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસને એક વિસ્તૃત પત્ર લખીને આ મામલે કોર્ટ પોતાની રીતે સંજ્ઞાન લે તેવી માંગ કરી છે, જેના કારણે IPS નકુમ કાયદાના સકંજામાં ફસાઈ શકે છે.

મળતી માહિતી મુજબ, સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હત્યાના પ્રયાસ (IPC 307/આધુનિક ન્યાય સંહિતાની કલમો હેઠળ) ના કેસમાં પાંચ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. કાયદાકીય પ્રક્રિયા મુજબ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવાના બદલે, DCP રાજદીપસિંહ નકુમ અને તેમના 15થી 20 પોલીસ કર્મચારીઓ અને સબ-ઈન્સ્પેક્ટરોના કાફલાએ તમામ આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું.

સોશિયલ મીડિયા અને મુખ્ય પ્રવાહના માધ્યમોમાં વાઈરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે ખુદ IPS અધિકારી રાજદીપસિંહ નકુમ આરોપીઓના વાળ પકડીને તેમને ઢસડી રહ્યા છે અને જાહેરમાં એક પછી એક 25થી વધુ લાકડીના ફટકા મારી રહ્યા છે. ધોળા દિવસે જાહેર રસ્તા પર પોલીસ દ્વારા કરવામાં આવેલા આ હિંસક અત્યાચારથી કાયદો અને વ્યવસ્થા જાળવનારી એજન્સી પર જ ગંભીર સવાલો ઉભા થયા છે.

#### પોલીસે 100 કલાકમાં ચાર્જશીટ રજૂ કરી

## મેઘાણીનગરમાં 5 વર્ષની બાળકી સાથે 73 વર્ષીય વૃદ્ધે અડપલા કરવાનો મામલો

અમદાવાદ

અમદાવાદ શહેરના મેઘાણીનગરમાં રહેતી 5 વર્ષની બાળકી સાથે 73 વર્ષીય વૃદ્ધે અડપલા કરવાની ઘટનામાં મેઘાણીનગર પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસ દ્વારા ગુનો બન્યાના માત્ર 100 કલાકમાં જ ચાર્જશીટ તૈયાર કરી પોક્સો કોર્ટમાં રજૂ કરવામાં આવી છે. બાળકી અને તેના પરિવારને ઝડપી ન્યાય મળે તેના માટે પોલીસ દ્વારા ચાર્જશીટ તૈયાર કરી રજૂ કરાતા હવે ઝડપી કોર્ટમાં કાર્યવાહી શરૂ થશે અને આરોપીને સજા થાય તેના માટેના પ્રયાસ પોલીસ દ્વારા કરવામાં આવ્યા છે.



મેઘાણીનગર પોલીસ સ્ટેશનના પીઆઈએ ભોગ બનનાર બાળકીનુ મેડિકલ અસારવા સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. બાળકીનાં તથા આરોપીના બ્લડ સેમ્પલ તથા DNAને લગતા નમુનાઓ કબજે લઈ બનાવ સ્થળના સાયન્ટીફિક ઓફીસરની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી નમૂના FSLમાં મોકલી આપવામાં આવ્યા હતા.

કોર્ટમાં નિવેદન લેવડાવવાની કાર્યવાહી પણ કરવામાં આવી હતી. તમામ ઝડપથી તપાસની કાર્યવાહી પુર્ણ કરી તપાસનાં અંતે મેળવેલા સાંયોગીક તથા સાયન્ટીફિક પુરાવાના આધારે ભોગ બનનાર અને ફરીયાદીને ન્યાય પ્રણાલીમાં કાયમી વિશ્વાસ બની રહે તેના માટે પોક્સો એક્ટ મુજબના ગંભીર ગુનામાં માત્ર 100 કલાકમાં આરોપી વિરૂધ્ધ મેઘાણીનગર પોલીસે સ્પે.પોક્સો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI